પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૨૭૧, કુલ પાના:૪, તારીખ: ૧૦-૦૭-૨૦૨૧ શનિવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 271 PRICE :-RS. 1.50 DATE : 10-07-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મુખ્યમંત્રીની હાજરીમાં યોજાયેલ કોર કમિટીની બેઠકમાં મોટો નિર્ણય

## ધો.૧૨ અને પોલિટેકનિક સંસ્થા ૧૫ જુલાઈથી ૫૦ ટકા ક્ષમતા સાથે ખૂલશે

ગાંધીનગર,

ગુજરાતમાં કોરોના મહામારીનો વિસ્ફોટ થયો પછી કોરોના કેસ સતત વધી રહ્યાં હતા. પ્રથમ લહેર બાદ બીજી લહેરમાં તો જાણે કોરોનાએ તાંડમ મચાવ્યું હોય તેમ ભયાનક દ્રશ્યો જોવા મળી રહ્યા હતા. જેના કારણે સરકારે જાહેરાત કરી અને રાજ્યમાં શાળાઓ બંધ કરાવી ઓનલાઈન એજ્યુકેશન ચાલું કરી દીધુ હતું. ત્યારે હવે કોરોનાની સ્થિતિ થાળે પડતા શાળાઓ ખોલવી જોઈએ કે નહી. તેને લઈ એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.



આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની હાજરીમાં કોરકમિટીની મિટિંગ યોજાઈ હતી. કોર કમિટીની આ બેઠકમાં શાળાઓ ખોલવાને લઈ એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. હવે આગામી ૧૫ જુલાઈથી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ ખુલશે પરંતુ ધોરણ ૧૨ના વર્ગો ૫૦ ટકા ક્ષમતા સાથે ખુલશે. સાથે જ ૧૫ જુલાઈથી પોલિટેકનિક સંસ્થા ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ થશે. જોકે શાળામાં જતા પહેલા વિદ્યાર્થીઓએ મંજૂરી લેવી પડશે. આ સાથે જ હવે ૧૫ જુલાઈથી પોલિટેકનિક અને કોલેજો ખુલી જશે.

જણાવી દઈએ કે,કોરોનાની સ્થિતિ થાળે પડતા રાજ્ય સરકારે શાળાઓ ખોલવાનો નિર્ણય લીધો છે. બાળકોનાં જીવ જોખમમાં ના મૂકાય એવી રીતે સરકારે શાળામાં વિદ્યાર્થીઓની હાજરી મરજીયાત રાખી છે અને સાથે જ જે વિદ્યાર્થીઓ શાળામાં આવશે તેઓએ પોતાના વાલીઓ પાસેથી મંજૂરી પણ લેવી પડશે. ઉલ્લેખનિય છે કે બીજી લહેર પહેલા પણ સરકારે શાળા ખોલવાની વાત કરી હતી પણ વાલીઓ તો દિવાળી પહેલાં જ કહેતા હતા કે, અમે બાળકોને શાળાએ નહીં મોકલીએ. ત્યારે વાલીઓ અને વિદ્યાર્થીઓ સ્પષ્ટપણે ના પાડી રહ્યાં હતા કે શાળાઓ ખુલશે તો પણ કોઈ જોખમ નહીં ખેડીએ. ઉલ્લેખનિય છે કે, હજૂ પણ વાલીઓ કોરોના વાયરસની સંભવિત લહેરથી ડરેલા છે કારણ કે કેટલીક રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવતું હતું કે, કોરોનાની ત્રીજી લહેર દરમિયાન બાળકો સંક્રમિત થવાનો ખતરો વધારે છે.

ગત વર્ષે સ્કૂલ-કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય ૧૬ માર્ચથી બંધ કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ જાન્યુઆરીથી ફેબ્રુઆરી દરમિયાન તબક્કાવાર ધોરણ ૬થી ૧૨ની સ્કૂલો અને કોલેજો ખોલવામાં આવી હતી, પરંતુ એક વર્ષમાં જ કોરોનીની સ્થિતિ ત્યાંની ત્યાં જ આવી જતાં ૧૮ માર્ચે ચાર મહાનગરોમાં ફરી સ્કૂલ-કોલેજો બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## અમદાવાદમાં ૧૪૪મી રથયાત્રા: આજે સવારે ૮ વાગ્યે નેત્રોત્સવ વિધિ યોજાશે

અમદાવાદ,

અમદાવાદ સહિત ગુજરાતભરમાં અષાઢી બીજે પરંપરાગત ભગવાન જગન્નાથજીની રથયાત્રા માટે સરકારે લીલીઝંડી આપી છે. ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કહ્યુ કે, ૧૨ જૂલાઈને સોમવારે રથયાત્રાના રૂટ ઉપર કરફ્યુ રહેશે. રથયાત્રાના સમગ્ર રૂટ પર પ્રસાદ વિતરણ ઉપર પ્રતિબંધ રહેશે. બીજી બાજુ આજે જગન્નાથજીની મંદિરના ટ્રસ્ટી અને મહંત દ્વારા એક પ્રેસ કોન્ફરન્સ કરીને ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા વિશે સમગ્ર પ્લાન જણાવવામાં આવ્યો છે.



ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, ડીજીપી આશિષ ભાટિયા અને પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ સહિતના અધિકારીઓએ સરસપુર ખાતે રણછોડજી મંદિરમાં દર્શન કરીને રૂટનું નિરીક્ષણ કર્યું હતું. સ્થાનિક આગેવાનો સાથે પણ રથયાત્રા મામલે ચર્ચા કરી પ્રેમદરવાજા અને દરિયાપુર પહોંચ્યા છે. અહીંથી તેમણે મોસાળ સરસપુરમાં પણ રણછોડજી મંદિરમાં દર્શન કરીને વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું.

જગન્નાથજીની મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં ભગવાન જગન્નાથની ૧૪૪મી રથયાત્રા માટે સરકારની પરમિશન મળી ગઈ છે. રથયાત્રા નિયત રૂટ પર જ નીકળશે. આવતીકાલ (૧૦મી જુલાઈ)થી રથયાત્રાને લગતી વિધીઓ શરૂ થશે, જેમાં આવતીકાલે સવારે ૮ વાગ્યે જગન્નાથજી મંદિરમાં ભગવાનની નેત્રોત્સવ વિધિ યોજાશે. ૧૧ જુલાઈએ સોનાવેશ શણગાર સજીને ભક્તોને દર્શન આપશે. મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ રથયાત્રાના દિવસે સમગ્ર પ્લાન વિશે જણાવ્યું હતું કે, ૧૨ જુલાઈએ સવારે ૪ વાગ્યે મંગળા આરતી કરવામાં આવશે. સવારે ૫.૪૫ વાગ્યે ભગવાન રથમાં બિરાજશે. સવારે ૭ વાગ્યે સીએમ, ના.મુખ્યમંત્રી પહિંદવિધિ કરશે. રસ્તામાં પ્રસાદ વિતરણ નહીં કરવામાં આવે. ગુરૂપૂર્ણિમા સુધી મંદિરમાં મગનો પ્રસાદ અપાશે.

જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ વધુમાં જણાવ્યું હતું કે, અમદાવાદમાં આ વર્ષે ભગવાન જગન્નાથજીની રથયાત્રા અલગ રીતે યોજાશે. મંદિર તરફથી લોકોને અપીલ છે કે લોકો ઘરમાં બેસીને રથયાત્રા નીકાળે. રથ નિયત કરેલા સમયમાં પરત આવશે. બપોરે ભગવાન રથ પરત આવે ત્યારે લોકો મંદિરમાં આવીને દર્શન કરી અને પ્રસાદનો લાભ લઈ શકશે. ગુરુપૂર્ણિમા સુધી રથયાત્રાનો મગનો પ્રસાદ વહેંચવામાં આવશે.

ભગવાન જગન્નાથ મંદિર દ્વારા ખલાસી ભાઈઓને ગાઈડલાઈન મુજબ સૂચના જાહેર કરવામાં આવી છે કે, ૬૦ ખલાસી ભાઈઓ સવારે રથ સરસપુર સુધી લઈ જશે. બીજા ૬૦ ખલાસી ભાઈઓ સરસપુરથી નિજમંદિર પરત લાવશે. આવતીકાલે શનિવારે રથયાત્રા પૂર્વે યોજાતી નેત્રોત્સવ વિધિ થશે. ૯.૩૦ વાગ્યે ધ્વજારોહણની વિધી યોજાશે. રથયાત્રાના આગળના દિવસે રથનું પૂજન કરશે. રથયાત્રામાં જમાલપુર દરવાજાથી સ્વાગતની પરંપરા છે પરંતુ આ વર્ષે ક્યાંય રથ રોકાશે નહી. કોઈએ સ્વાગત કરવા રોડ પર આવવું નહીં. રથયાત્રાનો રૂટ ટૂંકાવવામાં નથી આવ્યો.

## ફાયર સેફ્ટી અંગે હાઈકોર્ટ સરકાર વિરુદ્ધ લાલઘૂમ

અમદાવાદ,

રાજ્યના અનેક શહેર અને જિલ્લામાં બેરોકટોક ચાલતા ગેરકાયદે બાંધકામો અને ફાયર સેફ્ટી વિનાની હોસ્પિટલો તથા અન્ય એકમો સામે ગુજરાત હાઈકોર્ટે લાલ આંખ કરી છે અને રાજ્યમાં અવારનવાર બનતી આગની ઘટનાઓને ધ્યાનમાં લઈ રાજ્ય સરકારને ફાયર સેફ્ટીના નિયમની યોગ્ય અમલવારી માટે સુચન પણ આપી છે. ત્યારે આજે રાજ્ય સરકારની ઝાડકણી કાઢતા હાઈકોર્ટે સાફ કહી નાંખ્યું છે કે, ફાયર સેફ્ટી એકટ લાગુ થાય બાદ ગેરકાયદેસર ઈમારતો મામલે બિલ્ડર અને અધિકારીઓ સામે પગલાં લેવાયા હોય એવી માહિતી આપો. ગુજરાત હાઈકોર્ટે આજે સૂનાવણી દરમિયાન રાજ્ય સરકારની ઝાટકણી કાઢતા સાફ શબ્દોમાં કહ્યું કે, ફાયર સેફ્ટી એક્ટની યોગ્ય અમલવારી જરૂરી છે. ગુજરાત હાઈકોર્ટે માં ફાયર સેફ્ટી મુદ્દે સુનાવણી શરૂ થઈ હતી ત્યાં જ રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટમાં રજૂ કરાયેલા સોગંદનામાં મુદ્દે દલીલો શરૂ ગઈ હતી. જેમા એડવોકેટ જનરલે કહ્યું કે, આ મુદ્દે રાજ્ય સરકાર સક્રિય વિચાર સાથે કામ કરી રહી છે. જ્યાકે હાઈકોર્ટે કહ્યું કે, અમે એ જ કહ્યું હતું કે રાજ્ય સરકાર સક્રિય રીતે આ મામલે શું કરી રહી છે. ફાયર સેફટી એકટ લાગુ થાય બાદ ગેરકાયદેસર ઈમારતો મામલે બિલ્ડર અને અધિકારીઓ સામે પગલાં લેવાયા હોય એવી માહિતી આપો. ફક્ત કાયદાથી નહીં ચાલે કોઈ નક્કર પગલાં લેવાય એ જરૂરી છે, કોઈ પરિવર્ન થયું હોય એવું દેખાતું નથી રહ્યું. સૂનાવણી દરમિયાન એડવોકેટ જનરલે કહ્યું કે, અમે નોટિસ આપી રહ્યા છીએ કે તમારું કન્સ્ટ્રક્શન પ્લાન મુજબ કરો નહીં તો સમય બાદ ડીમોલિશ કરીશું અથવા ઓર્ડિનન્સ લાવીશું. જેના સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટે એવો પણ સવાલ કર્યો હતો કે, જી.ડી.સી.આર. મુજબ ના થતું હોય તો સમય આપવાનો અર્થ શું છે. તાત્કાલિક પગલાં નહીં ભરો તો કંઈ નહીં થાય અને ફરીથી આ જ પ્રકારની સ્થિતિ આવશે. જણાવી દઈએ કે, રાજ્યની હોસ્પિટલોમાં અને સુરતની તક્ષશિલા આગકાંડ બાદ ગુજરાત હાઈકોર્ટે રાજ્ય સરકારને ફાયર સેફ્ટીની અમલવારી માટે યોગ્ય કાર્યવાહી કરવા સુચના આપી છે. અને જે એકમો ફાયર સેફ્ટીના નિયમોની અમલવારી નથી કરતા ત્યાં આકરી કાર્યવાહી કરવા પણ આદેશો આપ્યા છે.

## સામાન્ય વહીવટ વિભાગના ૮ અધિકારીઓની બઢતી સાથે બદલી કરાઈ

ગાંધીનગર,

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના ૮ અધિકારીઓની બઢતી સાથે બદલી કરવામાં આવી છે. ગુજરાતની રૂપાણી સરકાર દ્વારા વાય.બી. પટેલ, વી.ટી. મંડોરા, ડી.આર. પટેલ, ડી.આર. ત્રિવેદી, આઈ.એમ કુરેશી, જે.બી. દ્વીવેદી, એમ.વી. પટેલ અને બી.એન. એરડાની બદલી કરવામાં આવી છે.

વાય. બી. પટેલની આદિજાતી વિકાસ વિભાગમાં બદલી કરવામાં આવી છે. વી ટી મંડોરાની નર્મદા જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં બદલી કરવામાં આવી છે. જ્યારે ડી આર પટેલ, ડી આર ત્રિવેદી, આઈ એમ કુરેશી, જે બી ત્રિવેદી, એમ વી પટેલ, બી એન એરડાની પણ બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

## બાંગ્લાદેશમાં ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા 52 લોકો જીવતા ભડથું

ઢાકા,

બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં આવેલી એક ફેક્ટરીમાં ભીષણ આગ લાગતા ઓછામાં ઓછા ૫૨ લોકોનાં મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. જો કે, ઘટના ગુરૂવારની છે પણ શુક્રવારે આ સમાચાર સામે આવ્યાં છે. પ્રાપ્ત વિગતો મુજબ, નારાયણગંજના રૂપગંજમાં આવેલી છ માળની બિલ્ડીંગની એક ફેક્ટરીમાં આગ લાગી હતી. ઘટનાના પગલે ફાયર વિભાગ અને પોલીસ પહોંચી હતી. ફાયર વિભાગે ૫૨થી વધુ લોકોનાં મૃતદેહ પણ બહાર કાઢ્યાં છે.



બચાવ કાર્ય સાથે જોડાયેલાં ડેપ્યુટી ડિરેક્ટર દેવાશીષ વર્ધને કહ્યું કે, બિલ્ડીંગના ચોથા માળે જ ૪૯ જેટલાં મૃતદેહ કાઢવામાં આવ્યાં છે. જે બાદ મૃતકોની સંખ્યા ૫૨ થઈ ગઈ. તેઓએ જણાવ્યું કે, મૃતદેહ એટલા બળી ગયા હતા કે તેમને ઓળખવા પણ મુશ્કેલ છે. જેથી મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપવામાં પણ મુશ્કેલી પડી રહી છે. ડીએનએ તપાસ કરવાની જરૂરી પડી શકે છે.

ફાયર વિભાગ દ્વારા આગ પર કાબૂ મેળવવા પ્રયાસ કર્યો છે. કહેવાય છે કે, આ બિલ્ડીંગમાં મોટી સંખ્યામાં જ્વલનશીલ પોલીથીન, ઘી અને અન્ય ચીજવસ્તુઓ હતી. જેના કારણે આગ વિકરાળ બની હતી. ઘટનાના પગલે મૃતકોના પરિવારના લોકોએ ઘટના સ્થળની બહાર ધરણાં કર્યા છે. તો સ્થિતિ પર કાબૂ મેળવવા પોલીસબળને તૈનાત કરવામાં આવ્યું છે.

દેવાશીષ વર્ધને કહ્યું કે, હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે અને મૃત્યુઆંક વધવાની આશંકા છે. અન્ય એક અધિકારીએ જણાવ્યું કે દરેક ફ્લોર પર ૩૫ હજાર વર્ગફૂટનો વિસ્તાર છે પરંતુ બે જગ્યાએ જ સીઢીઓ છે. જેના કારણે આગ જ્યારે સીઢીઓ પર ફેલાઈ ત્યારે લોકો બહાર નીકળી શક્યાં નહીં અને ત્યાં જ બળીને રાખ થઈ ગયા. દરેક ફ્લોર પર નાના નાના રૂમ પણ છે. ધુમાડાના કારણે રાહત અને બચાવ કામગીરીમાં અડચળ પડી રહી છે.

## ખેડૂતો કોઈ શરત વગર સરકાર સાથે વાતચીત કરવા તૈયાર: રાકેશ ટિકૈત

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકારના નવા કૃષિ કાયદાઓ સામે ચાલી રહેલા ખેડૂત આંદોલનને લઈને ફરી ચર્ચા શરુ થઈ છે.



તાજેતરમાં કેન્દ્રના કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરે નિવેદન આપ્યુ હતુ કે, સરકાર કૃષિ કાયદાઓને પાછા નહીં લે પણ આંદોલનકારી ખેડૂતો સાથે વાતચીત કરવા માટે તૈયાર છે.હવે ખેડૂત આગેવાન રાકેશ ટિકૈતે તેના પર પ્રતિક્રિયા આપતા કહ્યુ છે કે, સરકાર ભલે લાઠીનો ઉપયોગ કરે પણ જે પણ વાતચીત થશે તે કોઈ પણ જાતની શરત વગર થશે.

ભારતીય કિસાન યુનિયનના આગેવાન ટિકૈતના કહેવા પ્રમાણે સરકારનો જે લેટેસ્ટ પ્રસ્તાવ અમને મળ્યો છે તે શરતો સાથેનો છે.સરકાર વાતચીત કરવા માંગે છે પણ એવુ પણ કહી રહી છે કે, નવા કાયદા પાછા નહીં ખેંચાય.અમે કોઈ શરત મુકી નથી.જો કાયદા પાછા ખેંચવા પર ચર્ચા કરવાની હોય તો અમે વાતચીત કરવા માટે તૈયાર છે.

તેમણે કહ્યુ હતુ કે, અમે તો આઠ મહિનાથી આર પારની લડાઈના મૂડમાં છે.આર પારની લડાઈનો જે અર્થ જેને કાઢવો હોય તે કાઢી શકે છે પણ અમે કહી રહ્યા છે કે અમે શાંતિથી બેઠા છે.સરકાર જો અમને અહીંથી પાછા મોકલવા માંગતી હોય તો દંડા અને ગોળીઓનો ઉપયોગ કરી શકે છે.

ટિકૈતે આગળ કહ્યુ હતુ કે, સરકાર કોઈ પાર્ટીની હોત તો વાત કરત પણ આ સરકાર કંપનીઓ ચલાવી રહી છે અને લોકોને લૂંટવાનો પ્લાન કરી રહી છે.દેશની જનતાએ રસ્તા પર આવીને લૂંટારુઓને ભગાડવા પડશે.

ટિકૈતે યુપીમાં પણ ઓગસ્ટ મહિનાથી દરેક જિલ્લામાં આંદોલનની શરુઆત કરવાની જાહેરાત કરી છે.જેમાં શેરડી પકવતા ખેડૂતો, મોંઘી વીજળી સહિતના મુદ્દા ઉઠાવવામાં આવસે.૧૧ જુલાઈએ ખેડૂતોની મોટી બેઠક યોજાશે અને તેમાં આગામી આંદોલનની વ્યૂહરચના ઘડવામાં આવશે.

## સ્પાઈસજેટ આજથી ૪૨ નવી ફ્લાઈટ શરૂ કરશે




ન્યુ દિલ્હી,

દેશની અગ્રગણ્ય એરલાઈન સ્પાઈસજેટ પોતાના સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય નેટવર્ક પર ૧૦ જુલાઈ, શનિવારથી નવી ૪૨ ફ્લાઈટ્સ શરૂ કરનાર છે. નવી ફ્લાઈટ્સ મેટ્રો તથા બિન-મેટ્રો શહેરો વચ્ચે કનેક્ટિવિટી વધારશે. આ ઉપરાંત એર-બબલ સમજૂતી અંતર્ગત સ્પાઈસજેટ કોચી-માલે-કોચી અને મુંબઈ-માલે-મુંબઈ રૂટ ઉપર આંતરરાષ્ટ્રીય વિમાનસેવા શરૂ કરશે. સ્પાઈસજેટનાં સીઈઓ શિલ્પા ભાટિયાએ જણાવ્યું છે કે વિમાન સફર માટેની માગ વધી રહી છે.

એરલાઈન સુરત-જબલપુર અને સુરત-પુણે રૂટ ઉપર પણ ફ્લાઈટ્સ શરૂ કરશે. તે સુરત શહેરને દેશના અમુક મેટ્રો શહેરોને જોડશે – જેમ કે જયપુર, હૈદરાબાદ, બેંગલુરુ. તે જ પ્રમાણે ગ્વાલિયર શહેરને અમદાવાદ, મુંબઈ અને પુણે સાથે જોડતી નોન-સ્ટોપ રિટર્ન ફ્લાઈટ્સ શરૂ કરશે. આ ઉપરાંત સુરત-પટના, અમદાવાદ-ઉદયપુર રિટર્ન ફ્લાઈટ્સ પણ શરૂ કરશે. નવા રૂટ પર એરલાઈન તેના બોઈંગ ૭૩૭ અને ઊ૪૦૦ વિમાનોને સેવામાં ઉતારશે. બુકિંગ સ્પાઈસજેટની વેબસાઈટ, સ્પાઈસજેટ મોબાઈલ એપ તથા ઓનલાઈન ટ્રાવેલ પોર્ટલ તથા ટ્રાવેલ એજન્ટો મારફત પણ કરી શકાશે.

## ત્રીજી લહેરની આશંકા: PMનો ૧૫૦૦ ઓક્સિજન પ્લાન્ટ લગાવવા આદેશ

ન્યુ દિલ્હી,

કોરોનાની ત્રીજી લહેરની આશંકા વચ્ચે કેન્દ્ર સરકારે તૈયારીઓ ઝડપી બનાવી છે. દેશમાં મેડિકલ ઓક્સિજનની ઉપલબ્ધતાને લઈને પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે એક ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી અને ૧૫૦૦ ઓક્સિજન પ્લાન્ટ લગાડવાના આદેશ આપ્યા હતા. આ પ્લાન્ટ્સને દેશના વિવિધ ભાગોમાં લગાડવામાં આવશે. પીએમ મોદીએ આ બેઠકમાં અધિકારીઓને કહ્યું કે તેઓ નક્કી કરે કે આ કામ ખૂબ જ ઝડપથી શરૂ થાય. સાથે જ હોસ્પિટલના સ્ટાફને પણ ઓક્સિજન પ્લાન્ટ માટેનું સંચાલન કઈ રીતે કરવું તે માટેની ટ્રેનિંગ પર પણ ભાર મૂક્યો હતો. આ ઓક્સિજન પ્લાન્ટ્સની ફન્ડિંગ પીએમ કેર્સ ફંડમાંથી કરાશે. આનાથી દેશમાં ચાર લાખ ઓક્સિજન બેડ તૈયાર કરવામાં મદદ મળશે. પીએમ મોદીએ આ બેઠકમાં કહ્યું કે, દરેક જિલ્લામાં એવા કેટલાક લોકો હોવા જોઈએ, જેમને



ઓક્સિજન પ્લાન્ટ્સનું સંચાલન અને દેખરેખની દ્રષ્ટિએ ટ્રેનિંગ અપાય. ભારતમાં માર્ચથી લઈને મે સુધી ચાલેલી કોરોનાની બીજી લહેરમાં મોટાપાયે કોરોનાના કેસ મળ્યા હતા. આટલું જ નહીં, પહેલી લહેરની સરખામણીએ બીજી લહેરમાં મોટાપાયે ઓક્સિજનની કમી જોવા મળી હતી. મુંબઈ, દિલ્હી, બેંગલુરુ સહિત દેશના તમામ શહેરોમાં મેડિકલ ઓક્સિજન, વેન્ટિલેટર બેડ્સ વગેરેની કમી જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, ગુરુવારે જ વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટે કોરોનાની ત્રીજી સંભવિત લહેરને ધ્યાને લઈ ૨૩ હજાર કરોડથી વધુનું પેકેજ જાહેર કર્યું હતું. તેમાંથી ૧૫ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર અને ૮ હજાર કરોડ રૂપિયા રાજ્ય સરકારો આપશે. આવતા વર્ષે માર્ચ પહેલા એટલે કે આગામી નવ મહિનામાં આ રકમને દેશમાં સ્વાસ્થ્ય વ્યવસ્થાને વધુ સારી કરવા પર ખર્ચ કરવામાં આવશે.

## રેલવે મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ હવે બે શિફ્ટમાં કામ કરશે

ન્યુ દિલ્હી,

પીએમ મોદીના સૌથી શિક્ષિત મંત્રી અશ્વિની વૈષ્ણવે રેલવે મંત્રીનો ચાર્જ લીધા બાદ ફેરફારો કરવાનુ શરુ કરી દીધુ છે. સૌથી પહેલો નિર્ણય તેમણે રેલવે મંત્રાલયનો ટાઈમ બદલવાનો કર્યો છે.હવે મંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ બે શિફ્ટમાં કામ કરશે.રેલવે મંત્રીની ઓફિસ દ્વારા જાહેર કરાયેલી સૂચના પ્રમાણે પહેલી શિફ્ટ સવારે સાત વાગ્યાથી ચાર વાગ્યા સુધીની અને બીજી શિફ્ટ બપોરે ત્રણ વાગ્યાથી રાતના ૧૨ વાગ્યા સુધીની રહેશે. રેલવે મંત્રાલયના સૂત્રોનુ કહેવુ છે કે, મંત્રાલય વધારે સમય માટે કાર્યરત રહે પણ કર્મચારીઓ પર તેનો બોજો ના આવે તે માટે ઉપરોક્ત નિર્મય લેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય રેલવે મંત્રાલય સૌથી મહત્વના મંત્રાલય પૈકીનુ એક છે.આ પહેલા પિયુષ ગોયલ પાસે તેની જવાબદારી હતી.હવે પિયુષ ગોયલને કાપડ મંત્રાલય આપવામાં આવ્યુ છે અને તેમની જગ્યાએ અશ્વિની વૈષ્ણવને જવાબદારી સોંપાઈ છે.વૈષ્ણવ આઈઆઈટીની ડિગ્રી ધરાવવાની સાથે સાથે પૂર્વ આઈએએસ પણ રહી ચુકેલા છે અને તેમણે એમબીએ પણ કરેલુ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એન. બી. પટેલીયા

મુ. ખરોલી, તા. શહેરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બી. એ.જાદવ

મુ. સુરેલી, તા. શહેરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં સખી મંડળની બહેનોએ લીંબોળીનું એકત્રીતકરણ કરી રોજગારી મેળવી



તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,

મહિલાઓના ઉત્થાન માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા મહિલાલક્ષી અનેકવિધ યોજનાઓ અમલમાં છે. આ યોજનાઓનો લાભ લઈ મહિલાઓ આજે આત્મનિર્ભર બની સમાજમાં ઉન્નત મસ્તકે જીવન વ્યતિત કરી રહી છે. આજના આધુનિક સમયમાં મહિલાઓ અનેક ક્ષેત્રોમાં પોતાનો પરચમ લહેરાવીને મહિલા સશકિતકરણને વધુ મજબૂત બનાવી અન્યઆ મહિલાઓ માટે પ્રેરણારૂપ કામ કરી રહી છે. જેમાં ભારતીય નારીઓએ સાચા અર્થમાં મહિલા સશકિતકરણને સાચા અર્થમાં સાર્થક કરી રહી છે. ત્યારે મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના વિરપુર ગામની પ્રણામી સખી મંડળની બહેનોએ લીંબોળી એકત્રીતકરણના વ્યવસાય દ્વારા આર્થિક સમૃધ્ધિના દ્વાર ખોલી નાંખ્યા છે. અને આજે સમાજમાં સન્માનભેર પોતાનો જીવનનિર્વાહ કરવાની સાથે પોતાનું જીવન વ્યતિત કરી રહી છે.

મહીસાગર જિલ્લામાં ૬૫૦૦ થી વધુ મહિલાઓના સખી મંડળ કાર્યરત છે. જેમાં વિરપુર ખાતે સખી મંડળો તેમજ મિશન મંગલમ દ્વારા રચિત જૂથો પૈકી એક પ્રણામી મિશન મંગલમ જુથ કાર્યરત છે. જેમાં ૧૦ બહેનો આ મંડળમાં જોડાયેલી છે. આ મંડળમાં જોડાયેલી બહેનો નિયમિત રીતે પોતાની માસિક બચત જમા કરાવવાની સાથે તેનો હિસાબ નિયમિત રાખવાની સાથે–સાથે જરૂરી ચોપડાની નિભાવણીની તેમજ મિટિંગો જેવી પ્રવૃતિઓ કરી રહી છે.

પ્રણામી મિશન મંગલમ મંડળની બહેનોને ગ્રામ્ય વિસ્તારમાં પોતાના ઘર પરિવારને મદદ રૂપ થવા અને પોતે પણ આર્થિક રીતે પગભર થાય તે માટે મિશન મંગલમ યોજનાની જાણકારી મેળવી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના માર્ગદર્શન હેઠળ બેંક મારફત કેસ ક્રેડિટ લોન પેટે રૂા.૧૦,૦૦૦/– હજારની લોન લઈને મંડળને કાર્યરત કરેલ છે. આ મંડળની બહેનો દ્વારા એપ્રિલ થી મે માસ દરમ્યાન લીમડાની લીંબોળી એકત્રીતકરણની કામગીરી કરવામાં આવી હતી. જેમા આ મંડળ દ્વારા ૩ હજાર કિલોગ્રામ ઉપરાંતની લીંબોળીનું એકત્રીત કરી આ લીંબોળીને સ્થાનિક બજાર તેમજ જી.એન.એફ.સી ડેપો પર ૧ (એક) કિલોગ્રામના રૂા. ૭.૦૦ના ભાવે વેચાણ કરતા તેમાંથી રૂા.૨૨,૦૦૦/–ની આવક મેળવી પોતાના ઘર પરિવારમાં તેમજ બાળકોના શિક્ષણમાં અભ્યોસમાં મદદરૂપ બની છે. આમ આ મહિલાઓએ સમાજમાં તેમજ ગામની તેમજ જિલ્લા ના અન્ય ગામોની મહિલાઓ માટે પ્રેરણાદાયક ઉદાહરણ પૂરૂં પાડયું છે.

જી.એન.એફ.સી ડેપો મેનેજર આશિષભાઇનો સંપર્ક કરતાં તેઓ જણાવે છે કે, મહીસાગર જિલ્લામાં મિશન મંગલમની સખી મંડળની બહેનો દ્વારા લીમડાની એકત્રીત કરવામાં આવેલ લીંબોળીની આ ડેપો દ્વારા નિર્ધારીત ભાવે ખરીદી કરવામાં આવે છે. જેમાંથી નીમ કોટેડ યુરિયા, લીંબોળી ખોળ, નીમ સાબુ, નીમ જંતુનાશક દવાઓ, નીમ સેનેટાઈઝર, હેન્ડવોશ, શેમ્પુ જેવી પ્રોડકટમાં લીંબોળીનો ઉપયોગ કરવામાં આવે છે. જેના થકી મિશન મંગલમની સખી મંડળની બહેનોને ઘર આંગણે પુરક રોજગારી પણ મળી રહે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના જિલ્લા લાઈવલીહુડ મેનેજર હરિશચન્દ્રસિંહ હજુરીએ જણાવ્યું કે, મહીસાગર જિલ્લામાં મિશન મંગલમની ૮૦ જેટલી સખી મંડળની બહેનો દ્વારા જુન–૨૦૨૧ સુધીમાં ૨૨ (બાવીસ) ટન જેટલી લીમડાની લીંબોળીનું એકત્રીતકરણ કરવામાં આવેલ જેને જી.એન.એફ.સી ડેપો અને સ્થાનિક બજારમાં ૧ કિલોગ્રામના અંદાજે રૂા.૮ થી ૧૦ ભાવે વેચાણ કરતા અંદાજીત રૂા. ૨.૦૦ લાખ ઉપરાંતની રોજગારી મેળવીને મહિલાઓએ આજીવિકામાં વધારો કર્યો છે. પ્રણામી મિશન મંગલ સખી મંડળના પ્રમુખ મનીષાબેન શ્રીમાળીએ, રાજ્ય સરકારની મિશન મંગલમ યોજના થકી અમારા મંડળને ખુબજ ફાયદો થયો છે અને અમારી આજીવિકામાં વધારો થયો છે અમારા જેવી ગામડાની ગરીબ બહેનો પણ સમાજમાં સ્વમાનભેર જીવવાની સાથે કુટુંબનું ભરણપોષણ પણ વધુ સારી રીતે કરી રહી હોવાનું જણાવ્યું હતું.

# મહીસાગર જિલ્લા પંચાયત કચેરી ખાતે મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત બેંક બાન્ચ મેનેજરઓની બેઠક યોજાઇ



લુણાવાડા,

મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણીના અદયક્ષ સ્થાને મહીસાગર જિલ્લા પંચાયત કચેરી મીટીંગ હોલ ખાતે જિલ્લામાં આવેલ તમામ બેંક બાન્ચ મેનેજરઓની બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ બેઠકને સંબોધતા તમામ બેન્ક મેનેજરઓને ખખગ્રઢ યોજનાના JLESG ના જૂથોને મહત્તમ ધિરાણ કરવા માટે આહવાન કર્યુ અને તેઓ દ્વારા બેન્ક મેનેજરઓને પ્રોત્સાહિત કરી બેન્કીંગ સેવાની સાથેસાથે સોશ્યલ સેવા કરવાનો જે મોકો મળેલ છે. તેને સાચા અર્થમાં પરિપૂર્ણ કરવા માટે તન મન અને દીલથી કામ કરી પોતાના કામનો સંતોષ પોતે જ મેળવવાનો આનંદ મેળવવાની વાત કરી કામગીરીને વેગ આપવા માટે જણાવવામાં આવ્યું.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.કે.જાદવ દ્વારા સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજનાના હેતુઓ, ઉદેશો અને તેના અમલીકરણ માટે રાજય કક્ષાએથી માંડીને ગ્રામ્ય કક્ષા સુધી અમલવારી માટેની જે સીસ્ટમ છે. તેની સમજ આપવામાં આવી અને ખખગ્રઢ ઓનલાઈન પોર્ટલ અને બેન્ક મેનેજરઓની કરવાની થતી કામગીરી વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી. જેમાં મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાની બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક નાની સરસણ દ્વારા સૌથી વધુ અરજીઓનુ લોનનું ધિરાણ કરવામાં આવેલ છે. તે બેન્કના બ્રાન્ચ મેનેજર પ્રદિપ શર્માને આમંત્રિત કરી બેન્ક મેનેજરઓને બેન્ક પોર્ટલ વિશે સમજ આપવા માટે અને એક ઓનલાઈન પબ્લીસ થયેલ અરજીનુ ડીમ્બર્સમેન્ટનો લાઈવ ડેમો કરી મેનેજરઓને બેન્ક પોર્ટલની તેઓ દવારા જાણકારી આપવામાં આવી ત્યારબાદ બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક રીજીયોનલ ઓફિસ ગોધરાના ચીફ મેનેજર અને એલ ડી.એમ. મહીસાગર દ્વારા પણ બેન્ક મેનેજરઓને ખખગ્રઢના લક્ષ્યાંક સામે પ્રગતિ મેળવવા માટે પ્રોત્સાહિત કરવામા આવ્યા.

ગુજરાત સરકાર દ્વારા મુખ્યમંત્રી મહિલા ઉતકર્ષ યોજના તાજેતરમાં શહેરી અને ગ્રામ્ય મહિલાનોની આજીવિકામાં વધારો લાવવા માટે અમલમાં મુકવામાં આવી મુખ્યમંત્રી ઉત્કર્ષ યોજના અંતર્ગત યોજનાના નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧માં ૧ (એક) લાખ જોઈન્ટ લાયાબિલીટી અર્નિગ એન્ડ સેવિંગ ગ્રુપ (JLESG) નીરચના કરી તેમાં આશરે ૧૦ લાખ મહિલા સભ્યોની આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ સાથે જોડી સ્વાવલંબી આત્મનિર્ભર બનાવવાનો છે. જે પૈકી મહીસાગર જિલ્લાને સરકાર દ્વારા ૧૩૨૩ જોઈન્ટ લાયાબિલીટી અર્નિંગ એન્ડ સેવિંગ ગ્રુપ'' (JLESG) ને લોન આપવાનો લક્ષ્યાંક આપવામાં આવેલ છે જે મુજબ કુલ ૧૩૨૩ ગ્રુપને ઓનલાઈન પોર્ટલ ઉપર પબ્લીશ કરવામાં આવેલ છે જે પૈકી મહીસાગર જિલ્લામાં ૫૫ જેટલા ગ્રુપને લોન ધિરાણ જિલ્લાની વિવિધ બેન્કો દ્વારા કરવામાં આવેલ છે. આ યોજનામાં નાણાકીય અમલવારી માટે ગુજરાત લાવલીહૂડ પ્રમોશન કંપની લી.ગાંધીનગર દ્વારા સહકારી અને ખાનગી ક્ષેત્રની બેંકો અને સંસ્થાઓ સાથે પણ જોડાણ (MOU) કરી પરસ્પર સમજૂતી કરાર કરી સમગ્ર ગુજરાતમાં મહિલા સશકિતકરણને વેગ આપવા માટે રાજયની વિવિધ બેન્કો સાથે MOU કરવામાં આવેલ છે. જેમાં મહીસાગર જિલ્લામાં સમાવિષ્ઠ સૌપ્રથમ બરોડા ગુજરાત ગ્રામીણ બેન્ક, પંચમહાલ ડીસ્ટ્રીકટ કો. ઓપરેટીવ બેન્ક ગોધરા અને બેન્ક ઓફ બરોડા સાથે MOU કરવામાં આવેલ છે જે તમામ બ્રાન્ચ મેનેજરઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠકનો પ્રારંભ જિલ્લા લાઈવલીહૂડ મેનેજર હરિશચંન્દ્રસિંહ એસ. હજુરી દ્વારા તમામ બેન્ક મેનેજરઓનુ સ્વાગત કરી યોજનાની પૂર્વ ભૂમિકા વિશે જાણકારી આપવામાં આવી. અને બેઠક પુર્ણ થતા સર્વેનો આભાર વ્યકત કર્યો હતો.

# સંતરામપુર સબ જેલની તપાસણી- મુલાકાત લેતાં જિલ્લા કલેકટર




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

લુણાવાડા, મહીસાગર–

લુણાવાડાના જિલ્લા કલેકટર તરીકે નવનિયુકત કલેકટર ડો.મનિષકુમાર બંસલ તા. ૮મીના રોજ બાકોર ખાતે સામુહિક આરોગ્યગ કેન્દ્રા ઓકિસજન પ્લાકન્ટકને કાર્યરત કરવામાં આવ્યાત બાદ, ખાનપુર તાલુકાના પાંડરવાડા ગ્રામ પંચાયત ભવનના લોકાર્પણ અને જિલ્લાની ઐતિહાસિક ધરોહર કલેશ્વરી પ્રવાસન સ્થાળની મુલાકાત લીધા બાદ સંતરામપુર સબ જેલની મુલાકાતે પહોંચી ગયા હતા. કલેકટર ડો. મનિષકુમારએ સંતરામપુર સબ જેલની મુલાકાત લઈને જેલમાં હાજર કેદીઓની વિગતોની ચકાસણી કરવાની સાથે જેલના રેકર્ડની ચકાસણી અને તપાસણી કરી જેલરને જરૂરી સૂચનો કર્યા હતા. કલેકટરએ સબ જેલની મુલાકાત દરમિયાન જેલમાં રહેલા કેદીઓ સાથે સંવાદ કરી તેઓને આપવામાં આવતી સગવડોની જાણકારી મેળવી હતી.

કલેકટરની આ મુલાકાત દરમિયાન સંતરામપુરના પ્રાંત અધિકારી કૌશીક જાદવ અને મામલતદાર કે.જે.વાઘેલા તથા કલેકટર કચેરીની ફોજદારી શાખાના વિરેન્દ્રનભાઇ પ્રજાપતિ અને નયનકુમાર પટેલ સાથે રહ્યા હતા.

# હાલોલ ગાયત્રી મંદિર ખાતે કોંગ્રેસ પાર્ટી દ્વારા સંગઠનને મીટીંગનું આયોજન કરાયું



તસ્વીર : નરેન્દ્ર પરમાર, હાલોલ

હાલોલ,

હાલોલ શહેરમાં ગાયત્રી મંદિર ખાતે હાલોલ વિધાનસભા કોંગ્રેસ પરિવારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં આગામી સંગઠનલક્ષી કાર્યક્રમો કાર્યકર્તાઓના જુદા જુદા પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા કરી દેશમાં વધી રહેલી મોંઘવારી, પેટ્રોલ–ડીઝલ–ગેસના ભાવ વધારા માટેના વિરોધ શહેર અને તાલુકા કક્ષાએ પ્રદર્શનના કાર્યક્રમો અંગેની ચર્ચા વિચારણા કરી હતી વધુમાં વધી રહેલી બેરોજગારોની સંખ્યા અને ખેડૂતોને થઇ રહેલા અન્યાય બાબતે પણ આગામી કાર્યક્રમોની રૂપરેખા આ બાબતે વિસ્તૃત ચર્ચા–વિચારણા કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ લોકસભાના ઉમેદવાર રણજિતસિંહ રાઠવા, પૂર્વ કાયદા મંત્રી ઉદેસિંહ બારીયા, પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, પંચમહાલ જિલ્લા સોશિયલ મીડિયા ડિપાર્ટમેંટ કો–ઓર્ડીનેટર પંચમહાલ જીલ્લા મહામંત્રી સાજીદ વલી, હાલોલ શહેર કોંગ્રેસ પ્રમુખ હિતેન્દ્રસિંહ ચૌહાણ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગજેન્દ્રસિંહ પરમાર, ઘોઘંબા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ચેતનસિંહ પરમાર, જાંબુઘોડા પ્રમુખ મોતીસિંહ બારીયા, ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રી ગુરૂરાજસિંહ ચૌહાણ, હાલોલ તાલુકા વિરોધ પક્ષ નેતા મહેશભાઈ રાઠવા, જિલ્લા યુથ કોંગ્રેસ મહામંત્રી તેજેન્દ્રસિંહ પઢીયાર, જિલ્લા એન.એસ.યુ.આઈ પ્રમુખ વિશાલ જાદવ, આદિજાતિ સેલ પ્રમુખ ગુલસિંહ રાઠવા, પ્રદેશ ઓબીસી મહામંત્રી અનીશ બારીયા, મુક્તિબેન જાદવ, હાલોલ શહેર મહિલા પ્રમુખ ભારતીબેન દરજી, સલીમ મીર, કિર્તીભાઈ રાણા, રશ્મી ચૌહાણ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાથી દેશમાં ૨૪ કલાકમાં વધુ ૯૧૧ના મોત, એક્ટિવ કેસ ઘટીને ૪.૫૮ લાખ

ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના નવા કેસમાં ઉતાર-ચઢાવ યથાવત છે. આજે કેન્દ્રીય મંત્રાલય દ્વારા નવા જાહેર કરાયેલા દૈનિક આંકડા પ્રમાણે નવા કેસમાં ગઈકાલની સરખામણીમાં ઘટાડો થયો છે જોકે, મૃત્યુઆંક વધ્યા છે. કોરોનાની ત્રીજી લહેરની સંભાવના વચ્ચે નાગરિકોને બહાર નીકળે ત્યારે કોવિડ-૧૯ ગાઈડલાઈનનું પાલન કરવાની સતત સૂચનાઓ આપવામાં આવી રહ્યા છે. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશમાં ઓક્સિજનની સ્થિતિ અને જરુરિયાત અંગે હાઈ લેવલની બેઠક પણ યોજના છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા આજે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના નવા ૪૩,૩૯૩ કેસ નોંધાયા છે જે આંકડો ગઈકાલે ૪૫,૮૯૨ હતો. જ્યારે મૃત્યુઆંક ગઈકાલે ૮૧૭ હતા તે આજે વધીને ૯૧૧ થયા છે. આજે દેશમાં કોરોનાના નવા કેસની સરખામણીમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા સામાન્ય વધુ નોંધાઈ છે.

ભારતમાં ૨૪ કલાકમાં કોરોનાના ૪૪,૪૫૯ દર્દીઓ સાજા થયા છે જેની સાથે સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા વધીને ૨,૯૮,૮૮,૨૮૪ પર પહોંચી છે. જ્યારે કુલ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૩,૦૭,૫૨,૯૫૦ થઈ ગઈ છે. વધુ ૯૧૧ દર્દીઓના મોત સાથે કુલ મૃત્યુઆંક ૪,૦૫,૯૩૯ થઈ ગયો છે.

ભારતમાં કોરોનાના સાજા થનારા દર્દીઓની સંખ્યા વધવાથી એક્ટિવ કેસની સંખ્યા ૪,૫૮,૭૨૭ પર પહોંચી ગઈ છે. જે પ્રમાણે ગયા અઠવાડિયે કોરોનાના નવા કેસની સંખ્યા ૪૦ હજારની અંદર પહોંચી ગઈ હતી તેમાં વધારો નોંધાયો છે. આ કારણે હિલ સ્ટેશન અને હરવા-ફરવાના સ્થળો તથા બજારોમાં વધતી ભીડના લીધે ચિંતા વ્યક્ત કરાઈ રહી છે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીએ કોરોના રસી અભિયાન કરવામાં આવ્યો હતો જેમાં ગઈકાલ સુધીમાં કુલ ૩૬,૮૯,૯૧,૨૨૨ ડોઝ આપવામાં આવ્યા છે જેમાં ૯ જુલાઈના રોજ વધુ ૪૦,૨૩,૧૭૩ ડોઝ આપવામાં આવ્યા છે. આઈસીએમઆર મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૯ જુલાઈ સુધીમાં કુલ ૪૨,૭૦,૧૬,૬૦૫ સેમ્પલ લેવામાં આવ્યા છે. જ્યારે ગઈકાલે વધુ ૧૭,૯૦,૭૦૮ સેમ્પલ લેવામાં આવ્યા હતા. ભારતમાં કોરોના વાયરસના ૨૦ લાખ કેસ ૭ ઓગસ્ટના રોજ થયા હતા, આ પછી ૨૩ ઓગસ્ટે ૩૦ લાખ, ૫ સપ્ટેમ્બરે ૪૦ લાખ, ૧૬ સપ્ટેમ્બરે ૫૦ લાખ પર પહોંચી ગયા હતા. આ પછી ૬૦ લાખ પહોંચતા ૨૮ સપ્ટેમ્બર સુધીનો ટૂંકો સમય લાગ્યો હતો. જે પછી ૧૧ ઓકટોબરે ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબરે ૮૦ લાખ, ૨૦ નવેમ્બરે ૯૦ લાખ અને ૧૯ ડિસેમ્બરે કોરોનાના કુલ કેસનો આંકડો ૧ કરોડને પાર થઈ ગયો હતો. આ પછી ૧૯ એપ્રિલે ભારતમાં કોરોના કુલ કેસનો આંકડો ૧.૫૦ કરોડને પાર થયો હતો. ૪ મેના કેસ સાથે આ આંકડો ૨ કરોડને પાર કરી ગયો છે. ૧૮મેના રોજ જાહેર થયેલા આંકડા પ્રમાણે દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨.૫ કરોડને પાર થઈ ગઈ હતી. ૨૩ મેના નવા કેસ સાથે કુલ કેસ ૩ કરોડને પાર થઈ ગયા છે.

# બાલાસિનોરના વડદલા ગામમાં અંતિમવિધિ સમયે સ્મશાનમાં ભમરાઓનુ ઝુંડ ડાઘુઓ ઉપર તુટી પડતા એકનુ મોત

બાલાસિનોર,

બાલાસિનોરના વડદલા ગામમાં આવેલ રાવળ સમાજના કોહ્યાભાઈ બાબરભાઈ રાવળનુ મૃત્યુ થયુ હતુ. જેમની અંતિમ વિધિના મૃતકના મોટાભાઈ કાળાભાઈ બાબરભાઈ રાવળ સહિત ૧૦૦ જણા અંતિમયાત્રામાં જોડાયા હતા.

અંતિમયાત્રા લઈને વડદલા ગામના સમાજના સ્મશાને પહોંચી હતી. સ્મશાનમાં દફનવિધિ કરવા ખાડા ખોદવાની કામગીરી ચાલતા અંતિમયાત્રામાં આવેલા ડાઘુઓ બાવળના ઝાડ જીચે બેઠા હતા દરમિયાન હાંડલીમાં આગથી ધુમાડાના ગોટેગોટા નીકળતા ઝાડ પર ભમરીનુ ઝુંડ ધુમાડામાં ઉડ્યુ હતુ. અને ઝાડની નીચે બેસેલા ડાઘુઓ પર ભમરીઓનુ ઝુંડ તુટી પડતા નાસભાગ મચી જવા પામી હતી.

નાનાભાઈની દફનવિધિ કરવા આવેલા ૭૫ વર્ષિય મોટાભાઈ કાળાભાઈ રાવળ પર ભમરીનુ ઝુંડ તુટી પડ્યુ હતુ. અને ડંખ મારતા ઘટના સ્થળે તેમનુ મોત નીપજ્યું હતુ. જયારે ૧૦ ડાઘુઓને ભમરીઓએ ડંખ મારતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. આસપાસના રહિશો દોડી આવીને ૧૦૮માં ૧૦ ઈજાગ્રસ્તોને સારવાર માટે રેફરલ મોકલ્યા હતા. જયારે ભમરીના ડંખથી કાળાભાઈ રાવળનુ મોત થતાં સાંજે તેમની દફનવિધિ તે જ સ્મશાનમાં કરી હતી. ૧૦ ઈજાગ્રસ્તોને રેફરલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા હતા જયારે નાનાભાઈની અંતિમવિધિ દરમિયાન મોટાભાઈનુ ભમરાઓના કરડવાથી મોત થતાં સમસ્ત રાવળ સમાજમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

# સંતરામપુરના ખેડાપા બીટમાં અજગરને મારીને સળગાવી દેવાના પ્રયાસમાં આરોપીઓને કોર્ટમાં રજુ કરી રિમાન્ડ મંજુર કરાયા

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના ખેડાપા બીટમાં અજગરને મારી સળગાવી દેવાનો પ્રયાસ કરતા બે આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતા કોર્ટે એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

ખેડાપા બીટની જંગલની સીમલીયા રાઉન્ડમાં આવેલ કોઠા ફળિયા ખેડાપા જંગલ ભાગમાં બે ઈસમો અજગરને મારીને તેને સળગાવી દેવાનો પ્રયાસ કરતા હોવાની જંગલના કર્મચારીઓને બાતમી મળતા બીટ જમાદાર અને રાઉન્ડ ફોરેસ્ટરે ઘટના સ્થળે દોડી ગયેલા જયાં જંગલના ભાગમાં અજગરનુ મારણ કરેલુ અને તેને સળગાવી દેવાનો પ્રયાસ કરતા ગામ ખેડાપા કોઠા ફળિયાના લાલસિંગ નારજી પારગી અને મહેન્દ્ર નારજી પારગીને રંગેહાથે ઝડપી લીધા હતા. સંતરામપુર પુર્વ રેન્જમાં બનાવની જાણ કરતા બંને વિરુદ્ધ કાયદેસર ફરિયાદ દાખલ કરાઈ હતી. બંને આરોપીઓને સંતરામપુર કોર્ટમાં રજુ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે.

# બાલાસિનોર તાલુકાના ૬ મેડિકલ સ્ટોર પર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ હાથ ધરી

લુણાવાડા,

બાલાસિનોર તાલુકા મથકમાં આવેલા છ મેડિકલ સ્ટોરમાં પંચમહાલ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના બે ઈન્સ્પેકટરો દ્વારા ઓચિંતી તપાસ કરતા તેમાં ક્ષતિઓ જણાતા દવાની દુકાનદારોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

મળતી માહિતી મુજબ છેલ્લા કેટલાંક સમયથી નગરના કેટલાંક મેડિકલ સ્ટોર સામે ફરિયાદ ઉઠી રહી હતી. આ અંગે પંચમહાલ જિલ્લા ફુડ એન્ડ ડ્રગ્સ કમિશનર અને બે ઈન્સ્પેકટર દ્વારા બાલાસિોનર નગરના મેડિકલ સ્ટોર્સમાં તપાસનો ધમધમાટ કરતા ૬ મેડિકલ સ્ટોરમાં ઈન્સ્પેકટરોને તપાસ દરમિયાન કેટલીક ભુલો દયાનમાં આવતા તેમણે નોંધ કરી હતી આ અંગે ઈન્સ્પેકટર તપાસ કરતા અધિકારીને પુછતા તેઓએ આ વાતની પૃષ્ટિ કરી હતી. આ અંગે આ મેડિકસ સ્ટોર ધરાવનારાઓને નોટિસ આપવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૦-૦૭-૨૦૨૧, શનિવાર, જેઠ વદ-અમાસ, સૂર્યોદય-૫-૩૦, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્ર: પુનર્વસુ

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૧૦.૦૭.૨૦૨૧ શનિવાર**

મેષ (અ.લ.ઈ.):- તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી મુકશે. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે.

વૃષભ(બ.વ.ઉ.):- તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો, એ વિચારો તમને આર્થિક લાભ આપવશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક(ડ.હ.):- મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે એ સંદેશ તમારે તમારા પ્રિયપાત્રને જરૂર પહોંચાડવો જોઈએ.

સિંહ(મ.ટ.):- તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.

કન્યા(પ.ઠ.ણ.):- મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે.

તુલા(ર.ત.):- બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. એક યા બીજી જગ્યાએથી તમને આર્થિક લાભ મળી રહેશે.

વૃશ્ચિક(ન.ય.):- જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. અંગત સંબંધો સંવેદનશીલ તથા મૂલ્યવાન છે.

ધન(ભ.ધ.ફ.ઢ.):- શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

મકર(ખ.જ.):- ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે.

કુંભ(ગ.શ.સ.):- આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે.

મીન(દ.ચ.ઝ.):- તબિયતના મોરચે છોડીક દરકારની જરૂર છે. તમારો કોઈ પાડોશી આજે તમારી પાસે ઉધાર મંગાવ આવી શકે છે. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર આપતા પહેલા તેની વિશ્વાસપાત્ર સારી રીતે પારખી લો નહીંતર ધન હાનિ થયી શકે છે.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# મધ્યપ્રદેશના દેવાસમાં આદિવાસી મહિલા ઉપર દુષ્કર્મ અને હત્યાના બનાવનો વિરોધ દાહોદમાં આદિવાસી સમાજે આવેદન આપ્યું

દાહોદ,

મધ્યપ્રદેશ રાજ્યના દેવાસ જીલ્લાના નેમાવર ખાતે આદિવાસી સમાજની મહિલાઓ ઉપર બળાત્કાર કરી તેઓની લાશને ઉંડા ખાડામાં દફનાવી દેવાની ઘટના બાદ સમગ્ર દેશભરમાં આક્રોશ ફેલાઇ જવા પામ્યો છે. ત્યારે આ સંબંધે દાહોદ જીલ્લા આદિવાસી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી આરોપીઓ સામે રોષ ઠાલવ્યો હતો.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

મધ્ય પ્રદેશ રાજ્યના દેવાસ જીલ્લાના નેમાવર વિસ્તારમાં આદિવાસી સમાજની મહિલાઓ ઉપર બળાત્કાર કરી આરોપીઓ દ્વારા નિર્દયતા પૂર્વક તમામ પરિવારની હત્યા કરી જેસીબીની મદદથી ઊંડો ખાડો ખોદી પરિવારના સદસ્યોની લાશને દફનાવી દેવામાં આવી હતી. આ ઘટનાને પગલે સમગ્ર મધ્ય પ્રદેશ સહિત દેશભરમાં હાહાકાર મચી જવા પામ્યો હતો અને આરોપીઓ પ્રત્યે આક્રોશ ફેલાયો છે. ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના આદિવાસી સમાજના ભાઈ – બહેનો દ્વારા દાહોદ શહેરમાં આ ઘટનાના વિરોધમાં ભવ્ય રેલી યોજવામાં આવી હતી અને આ મામલે એક આવેદનપત્ર દાહોદના પ્રાંત અધિકારીને સુપ્રત કરવામાં આવ્યું હતું અને તેમાં જણાવ્યા અનુસાર, આરોપીઓને કડકમાં કડક સજા થાય તેમજ તેઓને તાત્કાલિક ફાંસીની સજા કરવામાં આવે તેમજ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા તપાસ કરી આ કેસ સંબંધિત સંબંધી નિર્ણય કરી આ કેસને ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચલાવવામાં આવે અને ત્વરિત નિર્ણય લઇ આરોપીઓને ફાંસીની સજા કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# સાંસદ જસવંતસિંહ ભાભોરે ઝાલોદ ખાતે સિંચાઈ યોજનાઓનું કર્યું લોકાર્પણ

દાહોદ,

ઝાલોદ તાલુકાના અંતરિયાળ ગામોના ૨૩૦ એકર વિસ્તાર સુધી બે ઉદવહન સિંચાઇ યોજનાઓ પૂર્ણ થતાં ખેડૂતો સુધી સિંચાઇના પાણી પહોંચ્યા છે. અંદાજે સવા કરોડના ખર્ચે તૈયાર થયેલી આ બે ઉદવહન સિંચાઇ યોજનાથી આ વિસ્તારનાં ૧૨૦ ખેડૂતો બારેમાસ પાક લઇ શકશે. સાંસદ જસવંતસિંહ ભાભોરે આ બંને ઉદવહન સિંચાઇ યોજનાનું આજે ઝાલોદ ખાતે લોકાર્પણ કર્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, ઝાલોદના ચાકલીયા ગામે ૫૩.૧૮ લાખના ખર્ચે ઉદવહન સિંચાઇ યોજના પૂર્ણ કરવામાં આવી છે. અહીંના ૪૦ હેક્ટર વિસ્તારમાં કાળી નદીના પાણીનો લાભ મળશે અને ૫૦ જેટલા ખેડૂતો સમૃદ્ધિની નવી દિશા તરફ આગળ વધશે. આ માટે ૫૭૬ મીટર લાંબી મુખ્ય લાઇન તેમજ ૨૫૭૧ મીટરની ડિસ્ટ્રીબ્યુશન લાઇનનું કામ ટૂંક સમયમાં જ પૂર્ણ કરવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, આ ઉપરાંત ઝાલોદના જ ઘોડિયા ગામે ૭૫.૭૮ લાખના ખર્ચે ઉદવહન સિંચાઇ યોજના પૂર્ણ થઇ છે અને અહીંના ૫૩ હેક્ટર વિસ્તારમાં કાળી નદીના પાણીનો લાભ મળશે તેમજ ૭૦ જેટલા ખેડૂતો બારેમાસ આ પાણીથી પાક લઇ શકશે. આ માટે ૮૪૫ મીટર લાંબી મુખ્ય લાઇન અને ૩૦૭૩ મીટરની ડિસ્ટ્રીબ્યુશન લાઇન તૈયાર કરવામાં આવી છે. દાહોદ જિલ્લાના ખેડૂતોને સમૃદ્ધ કરવા માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર, જિલ્લા પંચાયતના પ્રમુખ શીતલબેન વાઘેલા, પ્રાયોજના વહીવટદાર બી.ડી. નીનામા, જલ સંપત્તિ નિગમના અધિક્ષક ઇજનેર એસ.કે. પટેલ, કાર્યપાલક ઇજનેર એસ.આર. ચૌધરી, નાયબ કાર્યપાલક ઇજનેર મહેશ દેવનાની તેમજ ગામના સરપંચ અને જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

# દાહોદ શહેર માંથી બે બાઈક અને ફતેપુરાથી એક બાઈક મળી ત્રણ બાઈકો ચોરી

દાહોદ,

દાહોદ શહેરમાંથી બે તેમજ ફતેપુરા તાલુકામાંથી એક મળી કુલ લોક મારી પાર્ક કરેલ મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસે મધ્યપ્રદેશની રેસીંગ મોટરસાઈકલ ચોર ગેંગના ત્રણ સાગરીતોને ઝડપી પાડવામાં સફળતાં મળેલ છે પરંતુ આ સિવાય અન્ય મોટરસાઈકલ ચોર ગેંગ પણ દાહોદ જિલ્લામાં એક્ટીવ હોવાનું લાગી રહ્યું છે. દાહોદ શહેરમાં આવેલ રાત્રી બજાર તેમજ બસ સ્ટેશન વિસ્તાર ખાતેથી કુલ બે મોટરસાઈકલ ચોરીના બનાવો સામે આવ્યાં છે. જેમાં દાહોદ શહેરના સુખદેવ કાકાની ચાલ ખાતે રહેતાં અશોકભાઈ ગંગાભાઈ કેવડે ગત તા.૦૭મી જુલાઈના રોજ પોતાની મોટરસાઈકલ દાહોદ શહેરના રાત્રી બજાર વિસ્તારમાં બપોરના ૦૨ વાગ્યા આસપાસ લોક મારી પાર્ક કરી કોઈ કામ અર્થે ગયાં હતાં. આ મોટરસાઈકલને ધોળે દિવસે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે અશોકભાઈ ગંગાભાઈ કેવડે દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, જ્યારે અન્ય મોટરસાઈકલ પર દાહોદ શહેરના બસ સ્ટેશન વિસ્તાર ખાતેથી ચોરી થઈ છે જેમાં દાહોદ શહેરમાં રહેતાં પંકજકુમાર શાહ પણ પોતાની મોટરસાઈકલ બપોરના ૦૩ વાગ્યાના આસપાસ બસ સ્ટેશન જૈન નસીયાની બાજુમાં લોક મારી પોતાની મોટરસાઈકલ પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને પણ કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પણ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

મોટરસાઈકલ ચોરીનો ત્રીજો બનાવ ફતેપુરા ફતેપુરા તાલુકાના મોટીનાદુકણ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૦૮મી જુલાઈના રોજ મોટી નાદુકણ ગામ રહેતાં જયેશભાઈ ભુલાભાઈ પટેલે પોતાની મોટરસાઈકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે જયેશભાઈ ભુલાભાઈ પટેલે ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ તાલુકાની વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક સાંસદની અધ્યક્ષતામાં યોજાઇ


તસ્વીર : શૈલેષ ભુરીયા, ઝાલોદ

દાહોદ,

ઝાલોદ તાલુકાની વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં અહીંની સાયન્સ કોલેજ ખાતે યોજાઇ હતી. જેમાં છેલ્લા સાત વર્ષમાં તાલુકામાં વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલા કામો અને ચાલુ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. જિલ્લાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ બેઠકમાં ઉપસ્થિત રહી જિલ્લા–તાલુકા વચ્ચે યોગ્ય સંકલન તેમજ વિવિધ યોજનાઓની પ્રગતિ અંગેની સમીક્ષામાં જોડાયા હતા.

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વિવિધ વિકાસ કામો માટે ઝાલોદ તાલુકાને ૭૨.૬૫ કરોડ રૂ. ફાળવવામાં આવે છે. ત્યારે મોટા ભાગની યોજનાઓનું અમલીકરણ ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવતું હોય તેમના ઉપર મહત્વની જવાબદારી હોય છે. ગામના સરપંચ અને તલાટીએ ખૂબ તકેદારીને વિવિધ યોજનાઓના લાભ સામાન્ય જનતા સુધી પહોંચતા કરવાના છે. આજની બેઠકમાં વિવિધ યોજનાઓના લાભો લોકો સુધી અસરકારક રીતે પહોંચે એ માટે તાલુકા કક્ષાની મંજૂરી, આંતરિક વહીવટી મંજૂરી, જિલ્લા–તાલુકા વિભાગના અધિકારીઓના સંકલન વગેરે પાયાની બાબતોનું નિરાકરણ લાવવાનું છે.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી તેજસ પરમારે ઉપસ્થિત તલાટી–સરપંચોને યોજનાઓ લાગુ કરવામાં પડતી મૂશ્કેલીઓને દૂર કરવા સમજ આપી હતી.

બેઠકમાં જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, પ્રાયોજના વહીવટદાર બી.ડી. નીનામા, જિલ્લા આયોજન અધિકારી કે. એસ. ગેલાત, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી. બલાત, ડેપ્યુટી કલેક્ટર રાજેન્દ્ર ગામેતી સહિતના અધિકારીઓ તેમજ પૂર્વ ધારાસભ્ય મહેશભાઈ ભૂરિયા,ઝાલોદ તાલુકાના સરપંચઓ, તલાટીઓ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

# ગરબાડામાં બાઈક ઉપર ગૌમાંસ લઈ જતાં ઈસમને ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા નગરમાં એક ઈસમે આર્થિક લાભ મેળવવા માટે ગૌવંશનું કતલ કરી તેનું માંસ વેચાણ અર્થે પોતાની મોટરસાઈકલ પર થેલામાં ભરી લઈ જતો હોવાની પોલીસને બાતમી મળતાં પોલીસે ગરબાડા નગરમાંથી મોટરસાઈકલ સાથે ઝડપી પાડી ૫૦ કિલો ગ્રામ જેટલું ગૌમાંસ કબજે કરી ઝડપાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડામાં ઘાંચીવાડ વિસ્તાર ખાતે રહેતો સાહીલભાઈ સબુરભાઈ શેખ ગત તા. ૦૭મી જુલાઈના રોજ ગૌવંશનું ક્રુરતાંપુર્વક કતલ કરી, બગાડ કરી માંસ વેચાણ કરવા પોતાના આર્થિક લાભ મેળવવાના ઈરાદાથી પોતાના કબજાની મોટરસાઈકલ પર થેલામાં કતલ કરેલ ગૌમાંસ ભરી ગરબાડા નગરમાંથી પસાર થઈ રહ્યો હતો. આ દરમ્યાન પોલીસને તેની ઉપર શંકા જતાં તેને ઉભો રાખ્યો હતો અને તેની પાસેના થેલાની તલાસી લેતાં તેમાંથી ૫૦ કિલો ગ્રામનું કતલ કરેલ ગૌમાંસ જેની કિંમત રૂ.૫૦૦૦ સાથે ઉપરોક્ત ઈસમને ઝડપી પાડી ગરબાડા પોલીસે મોટરસાઈકલ મળી કુલ રૂ.૨૦,૦૦૦નો મુદ્દામાલ કબજે લઈ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનપુરના ધનાર પાટીયા પાસેથી બાતમીના આધારે દેશી બનાવટની બંદુક સાથે ઈસમને ઝડપ્યો




ધાનપુર,

દાહોદ જિલ્લા ધાનપુર તાલુકાના ધનારપાટીયા ગામેથી પોલીસને મળેલ બાતમીના આધારે એક ઈસમ પાસેથી દેશી હાથ બનાવટની બાર બોરની બંદુક તેમજ બાર બોરના જીવતાં કારતુષ નંગ.૦૨ મળી કુલ રૂા.૧૦,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધાનું જાણવા મળે છે. ગત તા. ૦૬.૦૮.૨૦૨૧ના રોજ ધાનપુર પોલીસને મળેલ બાતમીના આધારે રામચંદભાઈ ઉર્ફે રામસીંગભાઈ હુમલાભાઈ મેડા (રહે. ધનારપાટીયા, મેડા ફળિયું, તા. ધાનપુર, જિ.દાહોદ)ના ઘરે પોલીસે ઓચિંતો છાપો મારતાં રામચંદભાઈ ઉર્ફે રામસીંગભાઈને પોલીસે ઝડપી પાડ્યો હતો અને તેના ઘરની તલાસી લેતાં ઘરમાંથી દેશી હાથ બનાવટની સીંગલ બેરલવાળી બાર બોરની બંદુક કિંમત રૂા.૧૦,૦૦૦ તથા ૦૨ જીવતાં કારતુષ કિંમત રૂા.૨૦૦ એમ કુલ મળી રૂા.૧૦,૨૦૦નો મુદ્દામાલ પોલીસે કબજે લઈ ઉપરોક્ત ઝડપાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ કૃષ્ણ પ્રમાણી આર્ટસ કોલેજમાં હિન્દી નાયક વિશે માહિતી આપી

દાહોદ,

કૃષ્ણ પ્રણામી આર્ટસ કોલેજ, દાહોદ ખાતે હિન્દી વિભાગ દ્વારા આજ રોજ તાઃ ૦૯/૦૭/૨૦૨૧, "હિન્દી નાટ્ય સાહિત્ય" (ભારતેન્દુ હરિશ્ચંદ્ર રચિત 'અંધેર નગરી' ઔર એકાંકીકાર ઉપેન્દ્રનાથ અશ્ક કે વિશેષ સંદર્ભ મેં) વિશેષ ઑનલાઇન વ્યાખ્યાન યોજાયો. જેમાં વિશિષ્ટ વક્તા તરીકે આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુર ના આચાર્ય ડો. અભય પરમાર, કૃષ્ણ પ્રણામી કોલેજની કા.આચાર્યા ડો. પારૂલસિંહ, વિવિધ કોલેજ ના આચાર્ય, અધ્યાપકગણ, શોધાર્થી અને વિદ્યાર્થી મિત્રો જોડાયા હતાં.

આ વિશિષ્ટ વ્યાખ્યાન માં પ્રિ. ડો. અભય પરમારે હિન્દી નાટ્ય સાહિત્ય ની ભૂમિકા બાંધતા તેમાં ભારતેંદુ હરિશ્ચંદ્ર ના જીવન અને સાહિત્યિક યોગદાન વિશે ચર્ચા કરી, તેઓના 'અંધેર નગરી' નાટક પર વિશેષ ચર્ચા કરી અને ભારતેન્દુ હરિશ્ચંદ્ર ના સમગ્ર સાહિત્યની પ્રાસંગીકતા વર્તમાન સમયમાં પણ મોખરે છે. તેવી સમજણ વિદ્યાર્થીઓને આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન ડો. ગાયત્રી લાલવાણી કર્યું હતું.

# લીમખેડાના દાભડા શાળાના શિક્ષકને લંપટવૃત્તિ ભારે પડી

લીમખેડા,

લીમખેડા તાલુકાના દાભડા ગામની ભગત ફળિયા પ્રા.શાળામાં કુલ ૮ શિક્ષકો ફરજ બજાવે છે. શાળામાં ધો–૧ થી ૮માં કુમાર અને કન્યા મળી કુલ ૨૦૦ વિધાર્થીઓ નોંધાયેલા છે. હાલમાં કોરોના મહામારી અંતર્ગત શાળાના વિધાર્થીઓને શિક્ષકો દ્વારા શેરી શિક્ષણ કાર્યક્રમ અંતર્ગત ફળિયામાં જઈ વિધાર્થીઓને શિક્ષણ આપવાની કામગીરી કાર્યરત છે. જે મુજબ શાળામાં ફરજ બજાવતા ૩૬ વર્ષિય યુવાન શિક્ષક બ્રિજેશ ડાહ્યાભાઈ પટેલ દાભડાના ભગત ફળિયામાં શેરી શિક્ષણ આપવા ગયા હતા. શિક્ષક બ્રિજેશ પટેલ ગરીબ બાલિકાઓને મફત નોટબુકો આપવાનો સેટ પણ સાથે લઈ ગયા હતા. શિક્ષણકાર્ય પુર્ણ થયા બાદ છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતી એક બાલિકાને નોટબુકનો સેટ આપી જણાવ્યુ હતુ કે આ નોટબુકો તને આપુ છુ કોઈને કહેતી નહિ, માસુક બાલિકાએ આ વાત ઘરે જઈને પરિવારને જણાવી હતી. શિક્ષકનો ઉદ્દેશ અન્ય વિદ્યાર્થીઓને ખબર નહિ પડે તે માટે હતો કે અથવા બાલિકાને લાલચ આપી લંપટવૃત્તિનો હતો તે ભગવાન જાણે પરંતુ બાલિકાના પરિવારજનોમાં તથા ફળિયાના માણસોમાં ચોકકસ ગેરસમજ ઉભી થઈ હતી. તેથી શિક્ષણ ફરજ ઉપર આવ્યો તે સાથે ફળિયાના સેંકડો ગ્રામજનો શાળામાં ધસી આવ્યા હતા. તેઓએ શિક્ષક બ્રિજેશ પટલને બરોબરનો મેથીપાક ચખાડ્યો હતો. આ બાબતની જાણ સ્થાનિક આગેવાનોને થતાં તેઓએ તાત્કાલિક શાળામાં આવી શિક્ષક તથા ફળિયાના માણસો વચ્ચે સમાધાન કરાવ્યુ હતુ. ઘટનાની જાણ લીમખેડા તાલુકા સહિત શિક્ષક આલમમાં થતાં ભારે ચર્ચાઓ ઉઠવા પામી હતી.

# ફતેપુરા તાલુકાના ભિતોડી પ્રાથમિક શાળાના આચાર્યના પુત્રીના ૧૫માં જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરાઈ



ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં આવેલ ભિતોડી પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા પોતાની દિકરીના જન્મ દિવસની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવી હતી. જેમાં હાલના સમયમાં જનરલી જન્મદિવસની ઉજવણી કેક કાપી, ચોકલેટ વહેંચી,પાર્ટીઓ કરીને તેમજ મીણબત્તીઓ બુઝાવીને સમાજ પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી બિન જરૂરી ખર્ચા કરી રહ્યો છે. જ્યારે ભિતોડી પ્રાથમિક શાળાના આચાર્યએ હાલમાં કોરોના મહામારી નો સમય ચાલી રહ્યો છે તેને ધ્યાને રાખી પોતાની શાળાના ૨૩૦ બાળકો જ્યારે વતન મોટાનટવાના જાંબુડી ફળિયા પ્રાથમિક શાળાના ૬૫ બાળકો સહિત પોતાના પરિવારના બાળકોને માસ્ક આપીને ઉજવણી કરી સાથે– સાથે બાળકોને ઘરની બહાર નીકળો ત્યારે ફરજિયાત આ માસ્કનો ઉપયોગ કરવાનો સંદેશ આપ્યો હતો.જ્યારે હાલમાં કેટલાય માણસોએ ઓકિસજનના અભાવે પોતાના સ્વજનો ગુમાવ્યા છે.જેને ધ્યાને લઇ પુત્રીના જન્મ દિન નિમિત્તે ફતેપુરા તાલુકાની ફરજની ભિતોડી પ્રાથમિક શાળા તથા વતન મોટાનટવાના જાંબુડી પ્રાથમિક શાળાને પુત્રીની ૧૫ મી વર્ષગાંઠ નિમિત્તે ૧૫૦ વૃક્ષો ભેટ અર્પણ કરીને પુત્રીના જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરી સમાજને સુંદર વિચારની ભેટ આપી હોવાનું જાણવા મળે છે.

# દાહોદ પંચાલ સમાજ પ્રગતી મંડળ દ્વારા ધો.૧ થી ૧૨ ના પાઠ્ય પૂસ્તકો વિના મૂલ્યે વિતરણનું આયોજન

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ ના તમામ હોદ્દેદારો અને કારોબારી સદસ્યોની લાગણી અને માંગણી થી તેમજ મંડળ રચિત શિક્ષણ સમિતિના આયોજનથી ટુંક સમયમાં પંચાલ સમાજના ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા બાળકો માટે વિના મૂલ્યે નોટબુક અને ફુલસ્કેપ ચોપડા વિતરણ કરવાનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે આપને નજીકના સ્થળેથી સરળતાથી નોટબુક્સ મળી રહેશે તેવું અમારી કારોબારી તેમજ શિક્ષણ સમિતિ વિચારી રહી છે. હાલમાં શાળાઓ બંધછે. શાળા ખુલે એ પહેલાં એટલકે આ માસના અંત સુધીમાં આપને નોટબુકસ મળી રહે તેવું આયોજન છે..જેથી હાલમાં બજારમાંથી જરૂરી હોય એટલીજ નોટબુક્સ લેશો. તેવી પંચાલ સમાજના તમામ જ્ઞાતિ બંધુઓને વિનંતી છે. વિતરણ વ્યવસ્થા અને અન્ય માહિતી અમે ટુક સમય માં આપને જણાવીશું... જેની નોંધ લેશો.

# ગરબાડાના ભે ગામે પતિથી રિસાઈ ગયેલી મહિલાએ બાળકો સાથે કુવામાં ઝંપલાવતા ત્રણ બાળકોના મોત : મહિલાનો બચાવ

ગરબાડા,

ગરબાડા તાલુકાના ભેં ગામનો પરિવાર ૧૫ દિવસ પહેલા જ મજુરી કામ માટે જામનગર પાસેના ખંભાલિડા ગામે ગયો હતો. પતિ દ્વારા થતી અવગણના અને અબોલાના કારણે ત્રણ માસુમ બાળકો સાથે કુવામાં કુદેલી માતા પાઈપ પકડી લટકી રહેતા આબાદ બચાવ થયો હતો. જયારે ત્રણેય બાળકોના મોત નીપજયાં હતા.

ગરબાડા તાલુકાના ભેં ગામના સેનીયાભાઈના પુત્ર નરેશની માનસિક સ્થિતિ સારી ન હોવાના કારણે તે ત્રણેક માસ અગાઉ તે ઘર છોડી કયાં જતો રહ્યો હતો. નરેશને વસ્તારમાં બે દિકરી અને એક દિકરો છે. નરેશ ઘર છોડી જતો રહેતો તેના પિતા શેનીયાભાઈ ૧૫ દિવસ પહેલા જ તેમની પત્નિ કેશાબેન નાનો દિકરો પ્રકાશ દિકરી લતા તથા નરેશની પત્નિ મેસુડી તથા તેમની ચાર વર્ષની મોટી દિકરી રીયા અઢી વર્ષની દિકરી માધુરી અને આઠ માસનો દિકરો કનેશ આ તમામને લઈને પરિવારના ભરણપોષણ માટે જામનગર પાસેના ખંભાલિડા ગામે આવી વાડીનુ ખેત મજુરીનુ કામ ભાગે રાખી મજુરી કરી વાડી એ જ રહેતા હતા. વાડી પર પીવાનુ મીઠુ પાણી ન હોવાના કારણે પરિવારના અન્ય સભ્યો પાણી લેવા માટે ગયા હતા દરમિયાન નવ વાગ્યાના અરસામાં પતિ દ્વારા થતી અવગણના અને અબોલાનુ લાગી આવતા મેસુડી બેને પાસે જ આવેલા કુવામાં પોતાના ત્રણેય સંતાનોને કુવામાં ફેંકી અને પોતે પણ કુવામાં ઝપલાવ્યુ હતુ. જે ઘટનામાં ત્રણેય બાળકોના ડુબી જવાને કારણે મોત નીપજયાં હતા. જયારે કુવામાની પાઈપ પકડી લેતા માતા મેસુડી બેનનો આબાદ બચાવ થયો હતો. ઘટનાને પગલે પુત્રવધુ વિરુદ્ધ સસરાએ ત્રણ માસુમ બાળકોની હત્યાના ગુનાની ફરિયાદ નોંધાવી હતી.

# દાહોદના સબરાળા ગામે છોકરા-છોકરી ભાગી જવા બાબતે ચાર ઈસમો એ એક વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના સબરાળા ગામે છોકરા, છોકરી ભાગી ગયાં હોવાથી ચાર જેટલા ઈસમોએ એકસંપ થઈ એક વ્યક્તિના ઘરે આવી આ બાબતે ઝઘડો તકરાર કરી ચાર જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

સબરાળા ગામે ડાંગી ફળિયામાં રહેતાં પપ્પુભાઈ કાળીયાભાઈ ચરપોટ, અજયભાઈ શંરભાઈ ભુરીયા, સુરેશભાઈ પપ્પુભાઈ ભુરીયા અને નિખિલભાઈ ટીટાભાઈ ભુરીયાનાઓએ ગત તા.૦૮મી જુલાઈના રોજ પોતાની સાથે લાકડીઓ લઈ પોતાના ગામમાં રહેતાં સંજયભાઈ જલસીંગભાઈ મેડાના ઘરે આવ્યાં હતાં અને ગામમાં જે છોકરો અને છોકરી ભાગી ગયાં હતાં તેની પુછતાછ કરી કહેલ કે, છોકરા, છોકરીઓની તમને ખબર છે, તમે અમને જણાવો, બંન્ને જણા ક્યાં છે? તેમ કહી ઉપરોક્ત ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને બેફામ ગાળો બોલી પોતાની સાથે લાવેલ લાકડીઓ વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી સુનીલભાઈ મગનભાઈ મેડા, રાહુલભાઈ રાજુભાઈ ડાંગી, રોશનભાઈ વાલાભાઈ મેડા અને વિકાસભાઈ રાજસીંગભાઈ માવીને માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે સંજયભાઈ જંગલસિંહ મેડાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં અમર્યાદિત સમય માટે ધંધા રોજગારમાં છુટ આપવા આપ પાર્ટીની માંગ



દાહોદ,

આમ આદમી પાર્ટી દાહોદ દ્વારા ફરી એકવાર પ્રજાનો અવાજ, પ્રજાની માંગ ને દાહોદ નગરપાલિકાના સત્તાધીશો સુધી પોહચડવામાં આવ્યો. છેલ્લા ૧૮ મહિનાથી સમગ્ર દેશ– દુનિયા અને ગુજરાત માં કોરોના મહામારી એ હાહાકાર મચાવ્યો છે. ત્યારે દાહોદ નગર પણ તેનાથી બાકાત રહી શક્યુ નથી. આ કપરા સમયમાં જિલ્લામાં અને દાહોદ નગરપાલિકા હદમાં લાંબા સમય સુધી સંપૂર્ણ લોકડાઉન રહ્યા બાદ ઘણા સમય સુધી મર્યાદિત સમયગાળા માટે ધંધા રોજગાર માટે છૂટ મળતી હતી. જેના કારણે વ્યાપારીઓ તેમજ નગરજનો આર્થિક રીતે પાયમાલ થયા છે. આથી દાહોદના નગરજનો અને વ્યાપારી વર્ગ ને આ કપરા સમયમાં રાહત આપવી એ નગરપાલિકા ની નૈતિક ફરજ બને છે. આ અનુસંધાને દાહોદ નગરપાલિકા દ્વારા તમામ નગરજનોને મિલકત વેરામાં ૫૦% તેમજ નગરપાલિકા હસ્તક દુકાનોનું ૩ મહિનાનું ભાડું માફ કરવામાં આવે એ માંગ કરતું આવેદન પત્ર નગરપાલિકા પ્રમુખ, નગરપાલિકા ચીફ ઓફિસર અને દાહોદ પ્રાંત અધિકારીને આમ આદમી પાર્ટી દાહોદની આગેવાની માં દાહોદ નગરના વ્યાપારી મિત્રો અને દાહોદ નગરના જાગૃત નાગરિકો ની ઉપસ્થિતિમાં આપવામાં આવ્યા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 271

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકાના સત્તાધારી પક્ષની ઉપસ્થિતી વગર

# ભાજપે સામાન્ય સભા યોજી ૧૫ ઉપરાંત સમિતિના ચેરમેનની નિમણૂંક કરતાં રાજકારણ ગરમાયું



**- પાલિકાના અપક્ષ પ્રમુખ દ્વારા નીતિ નિયમો નેવે મૂકી સામાન્ય સભા યોજયાનો મુદ્દો હાઈકોર્ટમાં પડકારાશે.**
**- ગોધરા પાલિકામાં પ્રમુખ વગર ભાજપા દ્વારા ચેરમેન અને કમીટીની રચના.**

ગોધરા પાલિકાના શાસક અપક્ષ પ્રમુખ અને ચીફ ઓફિસર દ્વારા આજ યોજાનાર બીજી સામાન્ય સભા રદ કરવામાં આવી હતી. ત્યારે સરદાર નગર ખંડ ખાતે ૩ વાગ્યાના સમયે ભાજપના સભ્યો સામાન્ય સભા યોજવા હાજર રહ્યા હતા અને ઉપસ્થિત ચુંટાયેલા સભ્યોની સંખ્યા સામાન્ય સભા યોજવા માટે પુરતી હોવા શાસક પક્ષના સભ્યોની ગેરહાજરી વગર સામાન્ય સભા યોજી હતી અને ૧૫ જેટલા વિવિધ કમીટીઓમાં ચેરમેન અને કમીટી મેમ્બર તરીકે નિમણૂંકો કરી દેતાં ગોધરાનું રાજકારણ ગરમાયું છે.

ગોધરા, ગોધરા નગરપાલિકાની સામાન્ય સભા અનેક ઉતાર–ચઢાવ બાદ આજે ગોધરાના સરદાર નગર ખંડ ખાતે યોજાઇ હતી. આજે યોજાયેલી નગરપાલિકાની બીજી સામાન્ય સભામાં ગોધરા નગરપાલિકાની વિવિધ ૧૫ ઉપરાંત સમિતિઓમાં ભાજપે પોતાના સભ્યોને કમીટી મેમ્બર તેમજ ચેરમેન બનાવી દેતા સ્થાનિક રાજકારણ ગરમાયું છે. સત્તાધારી પક્ષના એક પણ સભ્ય ની ઉપસ્થિતિ વગર યોજાયેલી આ સામાન્ય સભામાં નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા ભાજપના નેતાઓ અને ભાજપ પક્ષના જવામાં આવી સામાન્ય સભાની તમામ કાર્યવાહી નગરપાલિકાના નિયમોને નેવે મુકીને કરવામાં આવી હોવાનો આક્ષેપ કરી આજે કરવામાં આવેલી તમામ કાર્યવાહીને નામદાર હાઈકોર્ટમાં પડકારવાનું નગરપાલિકાના અપક્ષ પ્રમુખ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

થોડા સમય પહેલાં ગોધરા નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં અપક્ષ સભ્યોએ એ આઈ એમ આઈ એમ સાથે ગઠબંધન કરી ગોધરા નગરપાલિકામાં પોતાની સત્તા હાંસલ કરતા ભાજપના ગોધરા નગરપાલિકામાં સત્તા મેળવવામાં નિષ્ફળતા મળી હતી. ભાજપ દ્વારા નગરપાલિકામાં પોતાની સત્તા હાંસલ કરવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું છતાં પણ વિરોધ પક્ષમાં બેસવાનો વારો આવ્યો હતો. બાદમાં ગોધરા નગરપાલિકામાં વિવિધ સમિતિઓની રચના તેમજ એ સમિતિઓના ચેરમેનની અને સભ્યોની વરણી પણ બાકી રહી હતી. સૌપ્રથમ ગોધરા નગરપાલિકાના પક્ષ પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા વિવિધ સમિતિઓની રચના કરવા બાબતે આજે સામાન્ય સભાનું આયોજન કરવા અંગેની તારીખો જાહેર કર્યા બાદ બોલિવૂડના અભિનેતા દિલીપ કુમારના અવસાન નું કારણ આગળ ધરી આજની સામાન્ય સભા રદ કરવા માટે નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી હતી, તો બીજી તરફ વિપક્ષ ભાજપે આજની સામાન્ય સભા રદ ન કરવા માટે ચીફ ઓફિસરને લેખિતમાં જાણ કરી ચૂંટાયેલા સભ્યોનું કોરમ પૂર્ણ થતું હોય સામાન્ય સભા નિયત સમયે અને નિયત સ્થળે યોજવા જાણ કરી હતી. જે અનુસંધાને આજે ગોધરા નગર સરદાર નગર ખાતે ત્રણ વાગે ભાજપના તમામ સભ્યો સામાન્ય સભા યોજવા માટે હાજર રહ્યા હતા. ઉપસ્થિત ચૂંટાયેલા સભ્યોની સંખ્યા સામાન્ય સભા યોજવા માટે પૂરતી હતા. ચીફ ઓફિસર દ્વારા સામાન્ય સભા યોજવામાં આવી હતી. દરમિયાન ભાજપના ઉપસ્થિત સભ્યો દ્વારા નગરપાલિકાની વિવિધ સમિતિઓનું ગઠન કરી એમાં ચેરમેન તેમજ કમીટી મેમ્બર તરીકે ભાજપના ચુંટાયેલા સભ્યોની નિમણૂંક કરી ચીફ ઓફિસરની મંજૂરી થી તેને બહાલી આપી હતી. આમ, ગોધરા નગરપાલિકાની અલગ–અલગ ૧૬ જેટલી સમિતિઓમાં ભાજપે સત્તા હાંસલ કરવામાં સફળતા મેળવી હતી. આજે યોજાયેલી સામાન્ય સભા અને તેમાં થયેલી સમિતિના ચેરમેન અને કમિટી મેમ્બરો ની વરણી અંગે નગર પાલિકાના અપક્ષ પ્રમુખ સંજય સોની દ્વારા ચીફ ઓફિસર તેમજ ભાજપના સભ્યો સામે ગંભીર આક્ષેપો લગાવ્યા હતા. નગરપાલિકાના નિયમોને નેવે મૂકીને સત્તાધારી પક્ષના એક પણ સભ્યની હાજરી વગર સામાન્ય સભા ગેરકાયદેસર રીતે યોજવામાં આવી હોવાનો પણ આક્ષેપ લગાવ્યો હતો. આજે યોજાયેલી સામાન્ય સભાની તમામ કામગીરી અને સમિતિઓની રચના અંગે પણ તમામ જવાબદાર અધિકારીઓને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવાનું પણ પ્રમુખ દ્વારા જણાવાયું હતું. ગોધરા નગરપાલિકામાં હાલ અપક્ષનું શાસન છે, જ્યારે આજે ગોધરા નગરપાલિકાની વિવિધ સમિતિઓમાં ભાજપે પોતાનો પગપેસારો કરતાં ખાલી રાજકારણ ગરમાયું હતું. તો બીજી તરફ ગોધરા શહેરમાં પણ ગોધરા નગરપાલિકામાં હવે પ્રમુખ અને ઉપપ્રમુખ પણ ભાજપના આવશે તેવી અટકળો વહેતી થઈ હતી.


ગોધરા નગર પાલિકાના અપક્ષ પ્રમુખ સંજય સોન દ્વારા ભાજપના સભ્યો એ પાલિકાના નીનિ નિયમો નેવે મૂકીને શાસક પક્ષના સભ્યોની ગેરહાજરી વગર સામાન્ય સભામાં વિવિધ કમીટીના ચેરમેન અને મેમ્બરની વરણી કરી છે. આ નિયમો વિરૂદ્ધની સામાન્ય સભા અંગે લાગતા વળગતા અધિકારીઓને હાઈકોર્ટમાં પડકારવામાં આવશે તેમ જણાવ્યું છે.

# વેજલપુર પોલીસ ઉપર હુમલો કરનારા ૪૧ હુમલાખોરોની ધરપકડ કરતી પોલીસ

**વેજલપુરમાં ગૌમાંસની તસ્કરી સામે છાપો મારવા ગયેલી વેજલપુર પોલીસ પર હુમલો કરી પથ્થરમારો કરનારા ૪૧ હુમલાખોર ઈસમો સામે ગુનો નોંધાયો.**

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુરમાં ગુરૂવારે સવારે ગૌમાંસની હેરાફેરી રોકવા ગયેલી વેજલપુર પોલીસ પર ગૌ હત્યા કરી ગુજરાન ચલાવતા કેટલાક લઘુમતી કોમના ઈસમોએ હથિયારો સાથે ગેરકાયદે ઘેરાબંધી કરી પથ્થરમારો કરવાની ઘટનાએ પોલીસ બેડામાં અને સમગ્ર વિસ્તારમાં ચકચાર જગાવી હતી. જે સમગ્ર ઘટના અંગે વેજલપુર પોલીસ સહિત જિલ્લા પોલીસ તંત્ર દ્વારા ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિને કાબુમાં લઈને સર્ચ ઓપરેશન હાથ ધરી એક પછી એક એવા ૪૧ મુખ્ય હુમલાખોરોની ઓળખ અને અન્ય પચાસથી સાઈઠ અપરિચિત એવા ટોળાબંધ લોકો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. જે અંગે વેજલપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલી ફરિયાદની વિગતો મુજબ ગુરૂવારે સવારે વેજલપુર પોલીસને મળેલી બાતમી અનુસાર વેજલપુરના ઘુસર રોડ પર આવેલા પ્લોટ વિસ્તારના ફારૂક મજીદ પાડવાના મકાનમાં ગાયોની કતલ કરી જીજે ૦૩–બીએ– ૯૯૧૦ નામની એક સેન્ટ્રો કારમાં ઈરફાન પાડવા અને ફારૂક પાડવા નામના ઈસમો દ્વારા ગૌમાંસની હેરાફેરી કરતા હોવાની બાતમીને આધારે વેજલપુર પોલીસે ઘુસર રોડ પરના પ્લોટ વિસ્તારમાં છાપો મારીને શંકાસ્પદ ગૌમાંસ ભરેલી કારને ઝડપી પાડી હતી. જોકે એ સુમારે પોલીસ આવેલી જોઈને ગાડીમાં બેઠેલ ઈરફાન મજીદ પાડવા અને ફારૂક મજીદ પાડવા બન્ને ગાડી છોડીને ભાગી ગયા હતા. જેથી વેજલપુર પોલીસે ગાડીમાં પ્લાસ્ટિકના થેલાઓમાં શંકાસ્પદ ગૌમાંસ અંગે જરૂરી તપાસ કરવા માટે ઝડપેલી સેન્ટ્રો ગાડીને પોલીસ સ્ટેશનમાં લાવવા માટે પોલીસની ગાડી સાથે ટોંચણ કરી લાવતા સમયે ઘુસર રોડ પર આવેલા લઘુમતી કોમના વિસ્તારમાંથી ગાડી છોડીને ભાગી ગયેલા ઈરફાન મજીદ પાડવા અને ફારૂક મજીદ પાડવા બન્ને હાથમાં તલવાર અને લોખંડની પાઈપ સહિત કેટલીક મહિલાઓ અને અજાણ્યા ઈસમો સાથે સો જેટલા લઘુમતી કોમના ટોળાએ મારો.. કાપો..ની કિકિયારીઓ પાડીને ગેરકાયદે મંડળી બનાવીને સાલાઓને આજે છોડવાના નથી કહીને પોલીસ પર પથ્થરમારો કરીને હુમલો કરી દેતા વેજલપુર પોલીસની ગાડીની સાઈરન લાઈટ અને સાઈડ લાઈટના કાચ તોડી નાખીને ગાડીને ભારે નુકસાન પહોંચાડયું હતું. આ પથ્થરમારાને કારણે પોલીસની ગાડીમાં વેજલપુર પોલીસ સ્ટાફ સાથે બેઠેલા પોસઈ આર ડી ચૌધરીને પણ સામાન્ય ઈજા પહોંચી હતી. જે સમયે વેજલપુરના સંવેદનશીલ વિસ્તારમાં વેજલપુર પોલીસ પર થયેલા ઓચિંતા હુમલા સામે વેજલપુર પોલીસે સમયસૂચકતાને આધારે ગૌ માંસ ભરેલી ગાડી છોડીને પોલીસ સ્ટેશનમાં પરત આવી જિલ્લા પોલીસની મદદ માગતા જિલ્લા પોલીસનો હરોળબંધ કુમક સાથે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈને પરિસ્થિતિને કાબુમાં લીધી હતી. પરંતુ જિલ્લા પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચે ત્યાં સુધીમાં અસરગ્રસ્ત વિસ્તારમાં પોલીસે છોડી શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો ધરાવતી ગાડી સહિત તમામ હુમલાખોરો ભુગર્ભમાં ઉતરી ગયા હતા. જે અંગે જિલ્લા પોલીસ કાફલાએ વેજલપુર પોલીસની મદદથી સવારે હુમલો કરનારા અજાણ્યા ઈસમોને ઝડપી પાડવા માટે સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધરી મુખ્ય ગુનેગાર એવા કસાઈ ઈરફાન પાડવા અને ફારૂક પાડવા સહિત ૪૧ હુમલાખોરો ઈસમોના નામ ઠામ અને ટોળામાં સામેલ અન્ય પચાસ સાઈઠ અન્ય લોકો સામે ગેરકાયદે મંડળી કરી પોલીસ અને પબ્લિક પ્રોપર્ટીને નુકસાન કરવા બદલ વિવિધ પ્રકારની ધારાઓ હેઠળ ગુનો નોંધી હુમલાખોર તત્વોને ઝડપી લેવા માટેની તજવીજ હાથ ધરી હતી.

# ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે જમીન વિવાદને લઈ એક વ્યકિત ટાવર ઉપર ચડી જતાં પોલીસે મહામહેનતે નીચે ઉતારવામાં સફળ



ગોધરા, ગોધરા તાલુકાન ગઢ ચુંદડી ગામે જમીન વિવાદને લઈ એક વ્યકિત ટાવર ઉપર ચડી ગયો હતો. સરપંચ બાંહેધરી આપે તો નીચે ઉતારવાની માંગણી કરી હતી. પોલીસ ઘટના સ્થળે આવી હતી બાદમાં સરપંચને પોલીસ લઈ આવ્યા બાદ વ્યકિતને ટાવર ઉપર નીચે ઉતાર્યો હતો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ગઢ ચુંદડી ગામે જમીન વિવાદને એક વ્યકિત ટાવર ઉપર ચડી ગયેલ હતો. જમીન વિવાદમાં ટાવર ઉપર ચડેલ વ્યકિત બોડીદ્રા ગામના શંકરભાઈ બારીયા હતા અને ટાવર ઉપર ચડીને નીચે ઉતરવા માટે સરપંચ દ્વારા બાંહેધરી આપવામાં આવે તો નીચે ઉતરવા માટે તૈયાર છે. તેવી જીદ પકડી હતી. જ્યારે સરપંચ સ્થળ ઉપર આવવા તૈયાર ન હતા. ઘટના સ્થળે પહોંચેલ પોલીસના અનેક પ્રયત્નો વચ્ચે ટાવર ઉપર ચડેલ નહિ ઉતરતા આખરે પોલીસ દ્વારા સરપંચને પોલીસની ગાડીમાં બેસાડીને સ્થળ ઉપર લાવ્યા હતા. તાલુકા પોલીસ મથકના પી.આઈ.ના પ્રયત્નો થકી ટાવર ઉપર ચડેલ વ્યકિત નીચે ઉતર્યો હતો. ગોધરા તાલુકા પોલીસ દ્વારા શંકરભાઈ બારીયા તેમના પરિવાર અને બોડીદ્રા સરપંચને તાલુકા પોલીસ મથકે લાવવામાં આવ્યા છે.

## ગોધરા LCB એ કાનોડ ત્રણ રસ્તા ઉપર વાનમાં લઈ જવાતો ૫૦ હજારનો દારૂ ઝડપ્યો



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, મારૂતીવાન નંબર વગરનીમાં દારૂનો જથ્થો ભરી સંતરોડ થી કાલોલ તરફ જવાની છે. તેવી બાતમીના આધારે કાનોડ ત્રણ રસ્તા ઉપર નાકાબંધી કરી ક્વાટરીયા પેટી નંગ–૧૦ કિંમત ૫૦,૪૦૦/–રૂપીયાનો જથ્થા સાથે એક ઈસમ ઝડપાઈ જવા પામ્યો છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, એક નંબર વગરની મારૂતીવાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને સંતરોડ તરફ થી કાલોલ તરફ જવા નિકળેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે કાનોડ ચોકડી પાસે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમ્યાન બાતમીવાળી વાનને ઝડપી હતી. વાન માંથી ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેટા ક્વાટરીયા નંગ–૪૮૦ કિંમત ૫૦,૪૦૦/–રૂપીયા તેમજ મારૂતીવાન ૧ લાખ મળી ૧,૫૦,૪૦૦/–રૂપીયાનો મુદ્દામાલ સાથે રાકેશ મોહનભાઈ ભરવાડ રહે. ભેગામ, ગરબાડાને ઝડપી પાડવામાં આવ્યો.

## યાત્રાધામ પાવાગઢ પર આવેલી છાસીયા તળાવ પ્રાથમિક શાળાના બાળકોને ટાટમ્બરી બાપુના આશ્રમ ખાતે અપાતું શેરી શિક્ષણ



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, આખા વિશ્વમાં કોરોના મહામારીના લીધે કેટલીક અર્થ વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. પંચમહાલ જિલ્લામાં પણ કોરોના મહામારીની અસર જોવા મળી હતી. હાલમાં શાળાઓમાં શિક્ષણકાર્ય પણ બંધ છે. જેના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ કાર્ય પર તેની સીધી અસર પહોંચી છે. કોરોના મહામારીની લહેર ઓછી થઈ છે. ત્યારે યાત્રાધામ પાવાગઢ ડુંગર ઉપર જે ગુજરાતમાં સૌથી વધારે ઉંચાઈ પર આવેલી છાસીયા તળાવ પ્રાથમિક શાળા છે. ત્યાંના શિક્ષકોને ઘણીબધી અડચણ આવતી હોય છતાં છાસીયા તળાવ પ્રાથમિક શાળાના શિક્ષકોએ શેરી શાળાના નવતર અભિગમને શરૂ કર્યો છે. કોરોના કાળમાં ઓનલાઈન માધ્યમથી શિક્ષણ આપવાની પહેલ કરવામાં આવી હતી. પરંતુ કેટલાક પરિવારો પાસે સ્માર્ટ મોબાઈલની સુવિધા ના હોવાથી તેવા બાળકો શિક્ષણથી વંચિત રહીજતા હતા. જેના કારણે વિદ્યાર્થીને પાયાના પ્રાથમિક શિક્ષણ ગુમાવાના વખત આવતો હતો. છાસીયા તળાવ પ્રથમિક શાળાના વિદ્યાર્થીઓને બેસાળીને શેરી શિક્ષણ આપવામાં આવી રહયું છે. શિક્ષણ કાર્ય શરૂ થતા વિદ્યાર્થીઓમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.

# એરંડી ગામની અસ્થિર મગજની મહિલા ૮ વર્ષના નાના બાળક સાથે કુવામાં કુદી મોતને વ્હોલું કર્યું



ગોધરા, ગોધરા તાલુકા એરંડી ગામ ખાતે અસ્થિર મગજની મહિલાએ પોતાની ૮ વર્ષની નાનકડી બાળકી સાથે કુવામાં ઝંપલાવી આપઘાત કરતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે સ્થાનિક લોકોની મદદથી પાણી ભરેલ કુવામાંથી માતા અને દીકરીની લાશને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવા સાથે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મળતી માહિતી મુજબ ગોધરા તાલુકાના ઓરવાડા ગામના બલુપુરા ફળિયામાં રહેતા આશિષભાઈ કિરીટભાઈ પટેલ પોતાના કામ અર્થે સંતરોડ ગામ ખાતે ગયા હતા ત્યારે તેમની અસ્થિર મગજની પત્ની રેખા પોતાની નાની બાળકી આઠ મહિનાની રિયા સાથે ઘરેથી નીકળી ગઈ હતી. આશિષ પોતાનું કામ પતાવીને ઘરે આવતા પોતાની પત્ની અને દીકરી રિયા જોવા નહી મળતા ફળિયામાં અને ગામમાં શોધ કરવા છતાં નહીં મળી આવતા પોતાની સાસરી એરંડી ગામ ખાતે જાણ કરી હતી. એરંડી ગામ ખાતે ખેતરમાં આવેલ એક પાણી ભરેલા કૂવામાં અસ્થિર મગજની મહિલા રેખા અને આઠ મહિનાની બાળકી રિયાની લાશ પાણીમાં તરતી જોવા મળતા સ્થાનિક જાગૃત ગ્રામજનએ બનેલા બનાવની જાણ તાલુકા પોલીસને કરતાં પોલીસ બનાવ સ્થળે પહોંચી જઈને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સ્થાનિક લોકોની મદદથી પાણી ભરેલા કૂવામાંથી માતા અને દીકરીની લાશને બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવી હતી. એરંડી ગામ ખાતે આ બનેલ આ બનાવને લઇને સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા સાથે પોલીસે આ મામલે ફરિયાદ નોંધીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે સાસરીમાંથી રેખા પોતાની દીકરી રીયા સાથે પિયરમાં કઈ રીતે આવી અને પાણી ભરેલા કૂવામાં તેને પોતાની દીકરી સાથે જાતે આપઘાત કર્યો કે પછી માતા દીકરીની હત્યા તો કરવામાં નથી આવી ને ? એવા અનેક સવાલો હાલ ચર્ચાનો મુદ્દો ગ્રામજનો માં બની જવા પામ્યો છે.

## કાલોલ નગર પાલિકાના વહીવટી તંત્રની કામગીરીથી નારાજગીના કારણે કર્મચારીને પદાધિકારીએ તમાચો માર્યો



કાલોલ, કાલોલ નગરપાલિકા ખાતે ગત ગુરૂવારે બપોરના સમયે પાલિકા સિનિયર ક્લાર્ક તરીકે કામ કરતાં કર્મચારી સતિષભાઈ પરીખ અને નગરપાલિકાના વોર્ડ નં–૭ ના ચુંટાયેલા સભ્ય અને કારોબારી અધ્યક્ષ એવા યુવરાજસિંહ રાઠોડ વચ્ચે કામના બિલોને લઈને એક મહીના પહેલાના કામોમાં બિલોને લઈને ક્લાર્ક અને કોર્પોરેટ વચ્ચે બોલાચાલીમાં એ ઉગ્ર સ્વરૂપ ધારણ થતાં સિનિયર ક્લાર્ક સતિષભાઈ રાઠોડને નગરપાલિકાના કોર્પોરેટર અને પાલિકા અધ્યક્ષએ તમાચો ચોડી દેતાં. નગરપાલિકામાં હાહાકાર મચી ગયો હતો.જોકે વિવાદ બાદ બંને વચ્ચે મામલો શાંત થઈ ગયો હોવાને કારણે વધુ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.